**સુવિચાર**

બહુ સરળ રીતે જીવન વીતી જાય પણ બસ એક બે ઈચ્છાઓ જ મોંઘી પડતી હોય છે !

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૫/૦૮/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ્ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિૐ PENDAWALA
શ્રાવણ માસ નિમિતે
સાબુદાણા મસાલા ફરાળી ચેવડો
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ શ્રાવણ સુદ-૧૧ વર્ષ : ૧૬ અંક : ૨૦૧


## ગંભીરા પુલ જેવી ઘટના તો બન્યા કરે માર્ગ–મકાન વિભાગને કોઈ ફર્ક પડતો નથી

# અમરેલીમાં નવા બનેલ માર્ગમાં પડી તિરાડ ?

લાઠી તરફ જતો એક માર્ગ અર્ધો બન્યો અને ગણતરીની કલાકોમાં જ માર્ગમાં પડી તિરાડ

જાગૃત નાગરિકોએ વિડીયો બનાવવાનું શરૂ કર્યુ ને માર્ગ–મકાન વિભાગે તેમાં ડામર લગાવ્યો

સુરક્ષાનાં નિયમો અને જનતાની જાણકારી માટે સાઈન બોર્ડ લગાવ્યા વગર માર્ગ બનાવાતો હોય શહેરીજનો પરેશાન

ચિતલ તરફ જતાં માર્ગમાં પણ દે ધનાધન થતાં અનેક મકાનોની પાણી અને ગટરની લાઈન પણ તૂટી



અમરેલી, તા. ૪
અમરેલીનાંલાઠીમાર્ગઉપર છેલ્લાર મહિનાથીસરદારસર્કલથીવીર હમીરસિંહજીસર્કલસુધીનાંઅંદાજિત ૩ કિ.મી.નાં હયાત માર્ગને તોડીને ત્યાં સાઈડની ફૂટપાથ દૂર કરીને સિમેન્ટનો માર્ગબનાવવાની કામગીરીનાંભાગરૂપે રેલ્વેફાટકથી કોલેજ સર્કલ સુધીનો માર્ગ પૂર્ણ થયો ને ગણતરીની કલાકોમાં જ માર્ગમાંતિરાડોએદેખાદીધી.
ગંભીરાપુલનીદુર્ઘટનાબાદ રાજયની જનતાને એમ થયું કે હવે, મલાઈદાર ગણાતાં માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓમાં માનવતા ઉભી થશે અને કયાંય નબળા પ્રકારનાં માર્ગ કે પુલનું નિર્માણ થશે નહી. પરંતુ, જનતાની આશા ઉપર પાણીઢોળ થતું જોવા મળી રહ્યું છે.
જાગૃતનાગરિકોએમાર્ગની

અનુસંધાન પાના ૬ ઉપર

## મારી જમીન હું વાપરૂ કે સમાજ વાપરે શું ફેર પડે

# ભૈ વાહ : ખોડલધામ ટ્રસ્ટ–કાગવડને ૬૧ વીઘા જમીન અર્પણ કરતાં પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડ

## ખેડૂત નેતાએ સમાજનાં હિતમાં પ્રેરણાદાયી કાર્ય કર્યુ



અમરેલી, તા. ૪
અમરેલીના પાટીદાર સમાજના અગ્રણી, ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી અને પૂર્વ ધારાસભ્ય બાવકુભાઈ ઉંઘાડે અમરેલી જિલ્લામાં આવેલી પોતાની માલીકીની ૬૧ વીઘા જમીન શ્રી ખોડલધામ ટ્રસ્ટ–કાગવડને

અનુસંધાન પાના ૬ ઉપર



શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ૭૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૫૫



નારી હોસ્પિટલ
ડો. ચિરાગ કુબાવત M.B.D.G.O.
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com
હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
:: રીસેપ્શનિસ્ટ ::
(કમ્પ્યુટર / ધો. ૧૨ પાસ) (લેડીઝ-૨)
પગાર ધોરણ : 5,000 - 7,000
:: કમ્પ્યુટર ઓપરેટર :: (લેડીઝ-૨)
ડેટા એન્ટ્રી, સોફટવેર શીટ એન્ટ્રી, મેડીકલ સ્ટોક મેનેજમેન્ટ, તેમજ ઓનલાઈન પ્રિસ્કીપ્શન રાઈટીંગ માટે અનુભવી
પગાર ધોરણ : 5,000 - 7,000
:: સમય ::
સવારે : ૯ : ૦૦ થી બપોરે ૩ : ૦૦
બપોરે : ૩ : ૦૦ થી રાત્રીના ૧૦ : ૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું ફોન કરવો નહીં



॥ શ્રીજી ॥
SLDWT
અગિયાર દિવસીય વ્યાખ્યાનમાળા
રામાયણજીનો સત્સંગ
srk knowledge foundation
યુવા ધન સાથે પ્રેરણા સભર સંગોષ્ઠી સાથે સંત-મહાપુરૂષોની પ્રેરક અમૃતવાણી..
સમયઃ- સાંજે 3:00 થી 6:00









Santokba Laljidada Dholakia Welfare Trust
આયોજક :- શ્રી લાલજીદાદાનો વડલો - લાઠી

## વિસાવદરની જનતાએ ભાજપને પછડાટ આપતાં અનેક વિસ્તારની જનતા ઉત્સાહિત

# ચલાલાની વિવિધ સમસ્યા દૂર ન થાય તો વિસાવદરવાળી થશે

### જાગૃત નાગરિક હિતેષભાઈ રબારીએ સ્થાનિક સમસ્યાનું નિરાકરણ કરવાની માંગ કરતો વિડીયો વાયરલ કર્યો

### ગૌચર જમીનમાં દબાણ, શાકમાર્કેટ, લાયબ્રેરી, શાળા જેવી અનેક સમસ્યાનું નિરાકરણ કરવા માંગ

### ધારાસભ્યનાં હોમ ટાઉનમાં વિકાસનાં નામે શૂન્ય હોય શહેરીજનોમાં પણ રોષ

### ૨ વર્ષમાં તમામ સમસ્યાનું નિરાકરણ ન થાય તો વિસાવદરવાળી કરવાની ચીમકી



ચલાલા, તા. ૪

ચલાલામાલધારીસમાજના યુવા અગ્રણી હિતેશભાઈ રબારીએ સોશ્યલ મીડિયામાં પોતાનો વિડીયો જાહેર કરી ચલાલાના વર્ષો જૂનીસમસ્યાઓને ઉજાગર કરી ધારાસભ્ય જે.વી. કાકડિયાને આ સમસ્યાનોઉકેલલાવવામાટેધગધગતી રજૂઆત કરી છે. વીડિયોમાં જણાવ્યું છે કે ચલાલાની હજારો વીઘા ગૌચરની જમીનક્યાંગઈ? એજમીનનુંકોણેદબાણ કર્યું છે? એ દબાણ થયું છે તે ગૌચર ખુલ્લું કરાવવું જોઈએ તેમજ ૬૦ લાખ રૂપિયાના ખર્ચે ૧૦ વર્ષ પહેલાં શાક માર્કેટ બનાવવામાં આવેલ હતી તે પણ ખંડેર હાલતમાં પડી છે. તો તે શાકમાર્કેટ ચાલુ કરાવી અને લોકોની શાક માર્કેટની સમસ્યા દૂર કરવી જોઈએ તેમજ સાર્વજનિક પુસ્તકાલય જેમાં ભૂતકાળમાં ૧૦૦૦ કરતાં વધારે જુદા જુદા લેખકોના જુદા જુદા પુસ્તકો હતા અને ગામના યુવાનો, ભાઈઓ–બહેનો અને સિનિયર સિટીઝનો આ પુસ્તકો પુસ્તકાલયમાં બેસીને વાંચતા હતા અને ઘરે પણ વાંચવા માટે લઈ જતા હતા તે પુસ્તકોનું આજે નામો નિશાન નથી અને અત્યારે પુસ્તકાલયનું બિલ્ડીંગ પણ જર્જરીત થઈ ગયું છે તેથી અંદર કોઈ બેસી શકે તેવી સ્થિતિ નથી. આ સાર્વજનિક પુસ્તકાલય ટ્રસ્ટના પ્રમુખ ધારાસભ્ય છે, તો આ પુસ્તકાલય બિલ્ડીંગનુ સમારકામ કરી ફરી નવા પુસ્તકો મંગાવી ફરી પુસ્તકાલય ચાલુ કરવું જોઈએ. તેમજ ચલાલાનો ગૌરવવંતો ટાઉનહોલ પણ જર્જરિત ખંડેર હાલતમાં ઉભો છે. આ ટ્રસ્ટના પ્રમુખ પણ ધારાસભ્ય છે તેમજ ચલાલામાં રોડ રસ્તા ભંગાર હાલતમાં છે, વારંવાર શાક માર્કેટમાં ગટરો ઉભરાય છે. ચલાલામાં બહેનો, બાળકો તેમજ સીનીયર સીટીઝનોને બેસવા માટે કે હરવા ફરવા માટે એક પણ બગીચો કે સિનિયર સિટિઝન પાર્ક નથી. વરસાદી વરસાદને રોકવા માટે એક પણ નાનું તળાવ કે ચેકડેમ નથી તેમજ ચલાલાના વિદ્યાર્થીને ધોરણ નવ અને દસનો અભ્યાસ કરવા માટે ધારી, અમરેલી, ગોપાલગ્રામ અને મીઠાપુર જવું પડે છે. ચલાલાની સરકારી આર.કે.એમ.એમ. સ્કૂલની બિલ્ડીંગ ભાંગીને ભૂકો થઈ ગઈ છે. ધારાસભ્યનું ચલાલા હોમ ટાઉન હોય અને ચલાલાના વિદ્યાર્થીઓને ધોરણ ૯ અને ૧૦નો અભ્યાસ કરવા માટે બહારગામ જવું પડે એનાથી વધુ શરમજનક શું કહી શકાય અને ધારાસભ્ય વિકાસના બુંણગા ફૂંકી રહ્યા છે. વધુમાં જણાવેલ છે કે આવતા બે વર્ષમાં ચલાલા શહેરની આ તમામ સમસ્યા હલ નહીં થાય તો ૨૦૨૭માં વિસાવદર વાળી જ થવાની છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. સોશ્યલ મીડિયામાં આ વિડીયો જાહેર થવાથી ચલાલામાં ટોક ઓફ ધ ટાઉન બનેલ છે અને લોકો ખૂબ જ આ વીડિયોને લાઈક કરી રહ્યા છે.

### જગતાત ગણાતા ખેડૂતોની કોઈ તો મદદ કરો

## વીજપડી : મઢડા ફીડર નીચે વીજળી મેળવતા ખેડૂતો અનિયમિત વીજ વિતરણથી પરેશાન

### ખેડૂતોએ પીજીવીસીએલને વેદનાપત્ર પાઠવ્યો



તસ્વીર : પ્રફુલભાઈ નગદીયા–વીજપડી

વીજપડી, તા. ૪

મઢડા એ.જી. ફીડર વારંવાર બંધ થતાં ખેડૂતો પરેશાન. હાલનો સમય સવારે પાંચ વાગ્યાથી શરૂ થતો પાવર રાત્રે સુધી ન આવતા નવાગામ, જાંબુડા ગામના લોકો મઢડા એ.જી. પાવર માટે વલખાં મારી રહ્યા હતા. વરસાદની ખેંચ પડતાની સાથે પાક બળી રહ્યો હોય તેવી પરિસ્થિતિમાં પાવર ન આપતાં ખેડૂતોએ રોષ પ્રગટ કર્યો હતો. છેલ્લા પાંચેક દિવસથી રજુઆત કરવામાં આવી રહી હતી ત્યારે આજે રાત્રે ખેડૂત મિત્રો પીજીવીસીએલ કચેરી ખાતે પહોંચી ગયા હતા અને નાયબ ઈજનેરને આવેદનપત્ર પાઠવ્યું હતું. ખેડૂત મિત્રોનું કહેવું હતું કે, અમે લોકો સવારે પાંચ વાગ્યે ખેતરે પહોંચી જતા હોઈએ પણ લાઈટ ન આવતા વાટે ને વાટે બપોરના જમવાનું ત્યાં બેસીને જમવું પડે નહીં તો કયારે પાવર આવે એ નક્કી નથી રહેતું. ખુદ નવાગામ, જાંબુડા ગામના સરપંચ ખેડૂતો સાથે પીજીવીસીએલ કચેરી ખાતે પહોંચી ગયા હતા અને રાત્રે મોડા સુધી વાતચીત કરી અને અંતે બે દિવસમાં કમ્પલેટ કરી આપશું તેવું અહીંના અધિકારીએ જણાવ્યું હતું. વધુમાં જણાવ્યું હતું કે અમારા પ્રશ્નનું નિરાકરણ નહિ થાય તો આંદોલન કરવામાં આવશે. તેમ સમીર ખોખર દ્વારા જણાવેલ છે.

### ગાંધીનાં ગુજરાતમાં દારૂનું દુષણ અતિ ચિંતાજનક

## લીલીયા મોટા પંથકમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીનો વિડીયો ભાજપ અગ્રણીએ વાયરલ કર્યો

### જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાતે પોલીસતંત્રની પોલ ખોલી



લીલીયા, તા. ૪

લીલીયા પંથકમાંથી દેશી દારૂ બનાવતી ગેરકાયદેસર ભઠ્ઠીનો એક વીડિયો સામે આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. સત્તાધારી પક્ષના આગેવાન તથા ભાજપના નેતા વિપુલ દુધાતે આ વીડિયો સોશ્યલ મીડિયા પર શેર કર્યા બાદ સમગ્ર મામલો રાજકીય ગરમાવો મેળવી રહ્યો છે.

વિડીયોમાં દેશી દારૂ બનાવવાની પ્રક્રિયા ખુલ્લેઆમ ચાલતી જોવા મળે છે અને તેમાં સંકળાયેલા કેટલાક શખ્સોના ચહેરા પણ સ્પષ્ટ નજરે પડે છે. વિપુલ દુધાતે આ વીડિયો સાથે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને ટેગ કરી પોલીસ તંત્રની કામગીરી સામે ખુલ્લેઆમ શંકા વ્યકત કરી છે. તેમણે માગ ઉઠાવી છે કે આઈપીએસ હસમુખ પટેલની અધ્યક્ષતામાં નિષ્ઠાવાન અને તટસ્થ તપાસ કમિટી રચવામાં આવે અને સઘન કાયદેસર કાર્યવાહી થાય.

આ વીડિયો બાદ સોશ્યલ મીડિયા પર પણ ભારે ચર્ચા શરૂ થઈ છે. સ્થાનિક જનતામાં આ ઘટનાને લઈને રોષ ફાટી નીકળ્યો છે. ઘણા લોકોએ તંત્રની નાકામી સામે ગુસ્સો વ્યકત કરતા તાત્કાલિક કાર્યવાહીની માંગ ઉઠાવી છે.

### જાગૃત વાલીઓ તેમના વ્હાલસોયા બાળકોની જીંદગીથી ચિંતીત બન્યા

## વડિયાનાં ઢુંઢિયા પીપળીયા ગામની પ્રાથમિક શાળાનું મકાન જર્જરીત હોવાથી વાલીઓ રોષે ભરાયા

### વિકાસની ગુલબાંગો વચ્ચે સરકારી શાળાઓનાં મકાનો બિસ્માર



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૪

વડિયાના ઢુંઢિયા પીપળીયા ગામની સરકારી પ્રાથમિક શાળાનું મકાન જર્જરિત હોય શાળામાં અભ્યાસ કરતા બાળકોનાં વાલીઓ તેમના વ્હાલસોયાની જીંદગીને લઈને રાજસ્થાનમાં બનેલ શાળા પડવાની ઘટનાને લઈને ચિંતીત બન્યા હોય તેઓએ આજે બાળકોને શાળાઓથી ઘરે લઈ જવાની ઘટના બનતા વિકાસના દાવો કરતી સરકારની પોલ ખુલી ગઈ છે. વાલીઓએ જણાવ્યું હતું કે, શાળાનું મકાન જર્જરિત હોવાથી પાણી પડે, છતમાંથી ગાબડા પડે શાળાનો કિંતી સામાન બગડી જવો સહિતની સમસ્યા હોવાથી ૧ દિવસ માટે બાળકોને શાળાએથી ઘર લઈ જવામાં આવ્યા છે. અને જો શાળાનાં મકાનની મરામત ન થાય તો આગામી દિવસોમાં ઘરણા સહિતનાં કાર્યક્રમોની ચીમકી આપી છે.

### રેલ્વે મંત્રી વરિષ્ઠ નાગરિકોની વેદના સમજે

## સાવરકુંડલા : રેલ્વેમાં સીનિયર સિટીઝન માટે ટિકિટમાં રાહત આપવા માંગ થઈ

### વડીલોના આર્શીવાદ મેળવવા રેલ્વે તંત્ર યોગ્ય કરે

સાવરકુંડલા, તા. ૪

ભારતીય રેલવેએ કોરોના સમય પહેલા દેશના સિનિયર સિટીઝન માટે જે રેલવે મુસાફરી ભાડું હતું કોરોના સમયથી આ વ્યવસ્થા બંધ કરીને સિનિયર સિટીઝન કે જે સાંઈઠ વર્ષ ઉપર હતાં તેના મુસાફરી શુલ્કમાં આપેલી કન્સેશન બંધ કરીને યુવાનોની સાથે જ સરખામણી કરીને વળતર બંધ કરી સિનિયર સિટીઝનની એ પુનઃસ્થાપિત થતી લાગણીનો તો બિલકુલ છેદ ઉડાડી દીધો. વિચારણા કરે છે પરંતુ નેક કામમાં વિલંબ શેનો ? કરો કંકુના.. હજુ પણ આ સરકાર માટે સુવર્ણ તક છે સિનિયર સિટીઝન માટે રેલવે મુસાફરી શૂલ્ક વળતર કોરોના પહેલા જે સ્થિતિએ હતું તેવું ભાડા વળતર કરે તો વડીલો ખુશ થશે અને ફરી આ સરકારને ચૂંટવા માટે વિચાર કરી શકે ખરાં. આ સાંઈઠ વર્ષની ઉંમર ધરાવતા તમામ નાગરિકો માટે આ સિનિયર સિટીઝન વળતર યોજના ફરી કાર્યાન્વિત કરે તેમ ભારતના સિનિયર સિટીઝન નાગરિકો ઈચ્છે છે.

આની જાહેરાત ભાવનગર ખાતે જ થઈ હોત તો સિનિયર સિટીઝનને કેવું સારૂ લાગત.. અને સોનામાં સુગંધ ભળત. ખૈર હજુ મોડું નથી થયું જાગ્યા ત્યાંથી સવાર એમ સમજીને સિનિયર સિટીઝન કોઠે ટાઢક થાય એવું કંઈ કરે લવે મિનિસ્ટર દ્વારા થાય તો વડીલોની નારાજગી દૂર થઈ જશે અને વડીલોના આશીર્વાદ પણ મળશે

### મોબાઈલ ગ્રાહકોને રીઝવવાનો પ્રયાસ

## અમરેલીમાં બીએસએનએલ માત્ર ૧ રૂપિયામાં નવું સીમ કનેશન ફાળવશે

### માત્ર ૧ મહિનો ઓગષ્ટમાં જ લાભ મળશે

અમરેલી, તા. ૪

સરકાર હસ્તગતની કમ્પની બીએસએનએલ ધ્વારા સ્વદેશી અને ૪જી ટેકનોલોજીના મોબાઈલ ટાવર જે શરૂ કર્યા છે. એ સ્વદેશી ટેકનોલોજીનો ઉપયોગ ભારતના તમામ લોકો કરે એ હેતુથી સરકારે માત્ર ૧ રૂપિયામાં નવું સીમ કનેકશન આપવાની જાહેરાત કરી છે. આ ઓગસ્ટને આઝાદીના મહિના તરીકે ઉજવવા માટે બીએસએનએલ આ આખો મહિનો (૧ ઓગસ્ટથી ૩૧ ઓગસ્ટ સુધી) નવું સીમ કનેકશન માત્ર ૧ રૂપિયામાં વેચશે. આ સાથે જો કોઈ બીજી કમ્પનીનું કાર્ડ બીએસએનએલમાં એમએનપી કરાવવા ઈચ્છે તો એ માત્ર ૧ રૂપિયામાં કરી શકશે. આ બંને ઓફર માત્ર ઓગસ્ટ ૨૦૨૫ માટે જ છે. તો તમામ અમરેલીની જનતાને આ લાભ લેવા માટે બીએસએનએલ ઓફિસ, ગ્રાહક સુવિધા કેન્દ્ર, નાગનાથ મંદિર પાસે, અમરેલીનો સમ્પર્ક કરવો જોઈએ.


''અમરેલી એક્સપ્રેસ''

અમારૂ ઇ–મેઇલ એડ્રેસ

''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ–મેઈલ એડ્રેસ

amreliexpress7@gmail.com

પર ફોટોગ્રાફસ મોકલવા.

''અમરેલી એક્સપ્રેસ''દૈનિક

જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


### વન વિભાગનાં અધિકારીઓને દોડતા કર્યા

## ધારીનાં ધારાસભ્ય જે.વી. કાકડીયાએ સિંહોના મોત મામલે ધગધગતો પત્ર પાઠવ્યો

### સત્તાપક્ષનાં ધારાસભ્યો ક્રમશઃ આગળ આવી રહ્યા છે



અમરેલી, તા. ૩

ગિરના રાજા ગણાતા એશિયાટિક સિંહોમાં વાઈરસના કારણે થયેલા મોતની ઘટનાઓ સામે આવી રહી છે ત્યારે ધારીના ધારાસભ્ય જે.વી. કાકડિયાએ વનમંત્રીને તાત્કાલિક પત્ર લખી વનવિભાગની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે.

ધારાસભ્યએ તેમના પત્રમાં જણાવ્યું કે, સતત વધી રહેલા સિંહના મોત અંગે વનવિભાગ દ્વારા નિષ્ફળ રહેલી તકેદારી અને કામગીરી સંતોષકારક નથી. સિંહોની સુરક્ષા માટે રાજય સરકાર દ્વારા અનેક સવલતો આપવામાં આવે છે છતાંય આવા દુખદ બનાવો સર્જાય છે, એ અત્યંત શંકાસ્પદ છે.

કાકડિયાએ પત્રમાં વનવિભાગને ભવિષ્યમાં વધુ સતર્ક રહેવા અને સિંહોના રહેઠાણ વિસ્તારને સંપૂર્ણ સંરક્ષણ આપવાની માંગ કરી છે. વનપ્રાણીઓની રક્ષણ નીતિમાં તાત્કાલિક સુધારાની જરૂરિયાત વ્યક્ત કરતા તેમણે વનવિભાગને પ્રવર્તમાન સ્થિતિ અંગે જવાબદાર ઠેરવ્યો છે.

તેમણે સ્પષ્ટપણે જણાવ્યુ હતું કે, જો અગાઉથી પૂરતી તકેદારી લેવામાં આવી હોત તો સિંહોના જીવ ગુમાવવાનો વારો ન આવ્યો હોત. પત્રમાં તેમણે માંગ ઉઠાવી કે, વનવિભાગ દ્વારા સર્જાયેલી ઉદાસિનતાને ગંભીરતાથી લેવી જોઈએ અને જવાબદારી નક્કી કરીને કાર્યક્ષમ આયોજન અમલમાં મૂકવું જોઈએ.

હમણાં જ રાજયના એક બીજા ધારાસભ્યએ પણ સિંહના મોત મામલે વનવિભાગની કામગીરી પર સવાલો ઉઠાવ્યા હતા. હવે ધારીના ધારાસભ્ય જે.વી. કાકડિયાએ પણ તેમનો અવાજ ઉઠાવતાં આ મુદ્દો રાજકીય ગરમાવો લાવવાનો આભાસ આપી રહ્યો છે.

## રાજા મહારાજાઓ જેવી સુવિધા ભોગવતાં વન અધિકારીઓ દોડતા થયા

# અમરેલી જિલ્લામાં ૩ બાળસિંહ અને ૧ સિંહણનાં મોતથી ચકચાર

### સમગ્ર એશિયાનાં ગૌરવસમા સિંહોની હાલત સ્ટ્રીટ ડોગ જેવી દયનીય બની છતાં પણ વન અધિકારીઓને ચિંતા નથી

### મુખ્યમંત્રી કે વનમંત્રીનો જરાપણ ડર કે જવાબદારી વન અધિકારીઓને લાગતી ન હોય તેવી પરિસ્થિતિ

### કરોડો રૂપિયાનો ખર્ચ સિંહોની સુરક્ષા માટે થતો હોવા છતાં સિંહો સુરક્ષિત રહેતા નથી

### ઉચ્ચ નિષ્ઠાવાન અધિકારીઓની ''સીટ'' ની રચના કરીને સિંહોની સુરક્ષાની કાર્યવાહીની તપાસ જરૂરી

અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લામાં ગીરના રાજાની અવલોકન યોગ્ય ઓળખ સમા સિંહોના મોતની ઘટનાઓ સતત સામે આવી રહી છે. અત્યાર સુધીમાં ત્રણ સિંહબાળના મોત થયા બાદ રાજુલાના માંડરડીમાં વધુ એક સિંહણના મોતના સમાચાર સામે આવ્યા છે જેના કારણે કુલ મોતનો આંકડો ચાર પર પહોંચી ગયો છે. ગીર પૂર્વ અને શેત્રુંજી ડિવિઝનના જુદા જુદા વિસ્તારોમાં થઈ રહેલા આ મોતોના પગલે વનવિભાગ દોડતું બન્યું છે અને રાજય સ્તરે ચિંતાનો વિષય બની ગયો છે.



આ ઘટનાને ગંભીરતાથી લઈને ગાંધીનગરથી પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (પીસીસીએફ) જયપાલ સિંહ તેમજ જૂનાગઢના ચીફ ફોરેસ્ટર રામરતન નાલા સહિતના ઉચ્ચ અધિકારીઓ અમરેલી જિલ્લામાં આવ્યા છે. અધિકારીઓએ પહેલું જાફરાબાદ રેન્જ અને ત્યારબાદ રાજુલા પાસેના ઝાંઝરડા એનિમલ કેર સેન્ટરની મુલાકાત લીધી હતી જયાં હાલમાં બીમાર સિંહબાળોની સારવાર ચાલી રહી છે.

વનવિભાગના જણાવ્યા મુજબ અત્યાર સુધી મળેલી પ્રાથમિક માહિતી મુજબ એનિમિયા અને નિમોનિયા જેવા સંક્રમણોનું સિંહોના મોત પાછળનું મુખ્ય કારણ હોવાનું લાગી રહ્યું છે. એ સાથે દરેક મૃતદેહનું પોષ્ટમોર્ટમ કરી વધુ તપાસ હાથ ધરાઈ રહી છે. જો કે, સિંહણના તાજેતરના મોતને વનવિભાગ કુદરતી મોત ગણાવી રહ્યું છે છતાં સમગ્ર મામલે વધુ ઊંડાણપૂર્વક તપાસની જરૂર જણાઈ રહી છે.

આ ઘટના રાજકીય ચિંતા અને સ્થાનિક રોષનો વિષય બની છે. રાજુલા–જાફરાબાદ વિસ્તારના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ રાજયના વનમંત્રીને પત્ર લખી સંલગ્ન અધિકારીઓ સામે તપાસ અને જવાબદારી નક્કી કરવાની માંગ કરી છે. સ્થાનિક લોકોએ પણ વનવિભાગની કામગીરી પર પ્રશ્નચિહ્ન ઉઠાવ્યા છે. વનવિભાગે સમગ્ર મામલે સજાગતા દાખવી છે અને જણાવ્યું છે કે હવે પ્રતિસાદ માત્ર દવાઓ કે સારવારથી નહીં પણ સમગ્ર સંસ્થાગત કામગીરીમાં સુધારાઓ દ્વારા સિંહોના જળવાઈ રક્ષણ માટે તાત્કાલિક પગલાં લેવામાં આવશે.

## નીલગાય અને ભૂંડની સમસ્યા દૂર કરવામાં તંત્ર સદંતર નિષ્ફળ

# ભૈ વાહ : ધારીનાં દીતલા ગામનાં ખેડૂતે ભૂંડ અને નીલગાયથી ખેતીપાકોને સુરક્ષિત કરવા ખેતરની ચારે દિશામાં સીતાફળનું કર્યુ વાવેતર

### સીતાફળનાં વૃક્ષની ઊંચાઈ, પાંદડા, કાંટા હોવાથી સમસ્યા દૂર થઈ ગઈ

અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લો ખેતી માટે જાણીતું અને પરંપરાગત કૃષિ પદ્ધતિઓ ઉપરાંત અનેક નવી સંશોધન કરી તેમને અપનાવનારા ખેડૂતો પણ અહીં છે. ત્યારે ખેતી પાકને નીલગાય અને ભૂંડના ત્રાસથી બચવા માટે ખેડૂતે અનોખો કીમિયો અજમાવી નવો માર્ગ દેખાડયો છે.

ધારી તાલુકાના દીતલા ગામના એક પ્રગતિશીલ ખેડૂત ઉકાભાઈએ ખેતીમાં હમેશા નવા ઉપાયો અપનાવવાની માનસિકતા રાખી છે. ત્યારે પોતાના ખેતરમાં અવારનવાર નીલગાય અને ભૂંડના ત્રાસથી ત્રસ્ત થયેલા તેઓએ એક અનોખો અને અતિ ઉપયોગી કીમિયો અજમાવ્યો છે.

ધારી તાલુકામાં અનેક ખેડૂતોએ પોતાના ખેતીના પાકને નીલગાય અને ભૂંડના ત્રાસથી બચાવવા માટે ખેતરની આજુબાજુમાં તાર ફેન્સિંગનું કામ કર્યુ હતું. પરંતુ અનેક સાવધાનીઓ હોવા છતાં નીલગાય અને ભૂંડ ખેતરમાં ઘૂસી જતા હતા અને મગફળી તેમજ અન્ય પાકને ભારે નુકસાની પહોંચાડતા હતા. વારંવારની નુકસાનીથી પરેશાન થયેલા દીતલા ગામના આ પ્રગતિશીલ ખેડૂતે પોતાની બે એકર અને ૧૬ ગુંઠાની જમીનમાં તેઓએ પોતાની કોઠાસૂઝ વાપરી અને ખેતરની ચારે બાજુમાં પાંચ વર્ષ અગાઉ આશરે ૨૦૦૦ જેટલાં સીતાફળના છોડ વાવી દીધા હતાં.

પાંચ વર્ષ અગાઉ આ વાવેતર કરેલા આ સીતાફળના ઝાડ આજે પરિપકવ બની ગયા છે. તેમની ઊંચાઈ, પાંદડા અને કાંટાવાળા ઝાડના સ્વરૂપ એવા છે કે, હવે કોઈ જંગલી નીલગાય કે ભુંડ જેવા પ્રાણી ખેતરમાં પ્રવેશ કરી શકતું નથી. પરિણામે આજે ખેતરના અંદરના



પાકને સંપૂર્ણ સુરક્ષા મળતી થઈ છે. સાથે જ હવે આ સીતાફળના વૃક્ષોમાંથી પ્રથમ વર્ષે સીતાફળનો પાક પણ મળ્યો તે ફાયદામાં છે.

આ સીતાફળના એક વૃક્ષમાંથી અંદાજિત ૫ થી ૧૦ કિલો સુધી સીતાફળ મળે છે. બજારમાં તેનું વેચાણ લગભગ રૂપિયા ૨૦૦ થી રૂપિયા ૩૦૦ પ્રતિ કિલોના દરે થાય છે. આમ એક વૃક્ષમાંથી શરૂઆતમાં ૧૦૦ થી ૨૦૦ કિલોનું ઉત્પાદન થાય છે. નજીકમાં સીતાફળ હોવાના કારણે તમામ સીતાફળમાં ઉત્પાદન પ્રથમ વર્ષે ન મળે જેથી આગામી સમયમાં એક લાખ રૂપિયા સુધીનું ઉત્પાદન મળવાની શકયતા છે ચાલુ વર્ષથી ૫૦૦૦૦ રૂપિયાની આવક પ્રથમ વર્ષે થવાની શકયતા હોય છે. પણ વિસ્તારમાં વાવેલા સીતાફળના ઝાડમાંથી આવતા વર્ષોમાં વૃક્ષો વધુ આ પરિપકવ બનશે એટલે આવક પણ વધશે.

આ સીતાફળના ઝાડની મહત્વની બાબત એ છે કે, ખેતરની સુરક્ષા માટે હવે તાત્કાલિક લોકો કે મજૂરોની જરૂર રહેતી નથી. સીતાફળના ઝાડો દ્વારા એક પ્રકારની ખેતીના રક્ષણ કરવા તૈયાર થયું છે.

હાલ કેટલાંક ખેડૂતોના ખેતરમાં શેઢા ઉપર સીતાફળના વૃક્ષો લીલછમ રીતે ઊગી રહ્યાં છે. જે ખેતરમાં અગાઉ કયારેક ભૂંડ અને નીલગાયનો ત્રાસ હતો ત્યાં હવે ભૂંડ અને નીલગાયનો ત્રાસમાં શાંતિ જોવા મળે છે અને હવે ઉત્પાદન જોવા મળે છે. ખેડૂતોના આ અનોખા પ્રયાસને અન્ય અનેક ખેડૂતોએ સમર્થન આપ્યું છે અને આવી પદ્ધતિઓ અપનાવવાના પ્રયાસો અન્ય વિસ્તારોના ખેડૂતો પણ કરવા લાગ્યા છે.

સાંપ્રત સમયમાં જયારે ખેતી પર અનેક પડકારો છે, ત્યારે પ્રગતિશીલ અને ઉપયોગી કીમિયો અજમાવી અને ખેડૂતોના પ્રયત્નો અન્ય ખેડૂત માટે પ્રેરણારૂપ સાબિત થાય છે. આવા મૌલિક પ્રયાસોથી ખેતી ફકત સુરક્ષિત જ નહીં પણ આવકવાળી પણ બની શકે છે.

સીતાફળ સિવાય અન્ય પણ આવી રીતે ખેતરના શેઢા ઉપર વૃક્ષો વાવી અને ખેતી પાક બચાવી શકાય છે. જેમાં ખાસ કરીને કાશીના બોલ જે મોટા બોર કહેવાય છે તેમજ જામફળ અને અન્ય ફળનું આવી રીતે વાવેતર કરી અને ખેતી પાકને બચાવી શકાય છે. કર્મદા નામના ઝાડનું વાવેતર કરી ને પાકને બચાવી શકાય છે અને આવક પણ મળે છે.


સંજય ટાયર્સ સંજય ટ્રેડલીંક
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કુલ સામે, અમરેલી
સફારી પાર્ક, લાઠી બાયપાસ રોડ, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ પ્લેટ -ધરા, જેક-ફીલ્ટર, બેટરી રીટેઈલ તથા હોલસેલ
કોમ્પ્યુટર રાઈઝ એલાઈમેન્ટ, બેલેનસીંગ, ઓટોમેટીક ટાયર ફીટીંગ, નાઈટ્રોજન એર, સર્વિસ ઉપલબ્ધ
YOKOHAMA CEAT JK TYRE MRF apollo EUROGRIP BRIDGESTONE GOODYEAR ALLIANCE MICHELIN Castrol HP TAPARIA BOSCH ASCENSO RUBBER KING JAINSON

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦, પહેલા માળે, ફિરદોસ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન પાર્ટી પ્લોટ
ઉપલબ્ધ સુવિધાઓ
7 રૂમ (2 એ.સી. રૂમ) | 1200 ચોરસ ફૂટ પ્રસંગો માટે સુશોભીત હોલ
6000 ચો.ફુ. જગ્યા | મંડપ, માઇક, લાઇટ, ઇવેન્ટ
CCTV કેમેરાથી સજ્જ | અને કેટરીંગની સુવિધા
પાર્કિંગની વ્યવસ્થા | 12 L.E.D. ફ્લડ લાઇટથી
ફ્રી વાઇ-ફાઇ સુવિધા | સુસજ્જ ગ્રાઉન્ડ
સરાઉન્ડ સાઉન્ડ સુવિધા
હાર્દિક ત્રીવેદી 94 285 61 601
શ્યામ ટીવીએસ પાછળ, સ્ટેશન રોડ, અમરેલી.






મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999






નવનીત ઓટો સેન્ટર
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254






જીજ્ઞેશ એજન્સી
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે આજે જ પધારો
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

પવિત્ર શ્રાવણ નિમિતે
ટોપરાપાક, શિંગપાક,
સ્પે. માવાના પેંડા, ફરાળી ગુલાબ જાંબુ
ફરાળી ચેવડો ■ બટેટા વેફર ■ કેળા વેફર
હાજરમાં મળશે
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
શિવ
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨
મો. ૯૯૦૯૧ ૭૦૯૫૫

શ્રવણ કાન-નાક ગળાની હોસ્પિટલ
ડો.કૃતિકા હિતેશ શાહ
: ઉપલબ્ધ સારવાર :
➤ કાનમાંથી નિકળતી રસી,ફુગ,મેલ માટે નિદાન અને સારવાર
➤ કાનના પડદાના કાણા તથા સડાનું આધુનિક સાધનો દ્વારા ઓપરેશન ➤ કાનની બુદ્દનું ઓપરેશન
➤ એલર્જી, ચક્કર, સાયનસનું નિદાન અને સારવાર
➤ સ્વર પેટીનાં મસા, ચાંદી વગેરેનું નિદાન અને સારવાર
➤ એન્ડોસ્કોપિક સર્જરી, માઇક્રો ઈઅર સર્જરી
➤ $CO_2$ લેસર સર્જરી
➤ થાઈરોઈડ, લાળગ્રંથીના ઓપરેશન
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૭:૩૦
સ્થળ : ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૪૫૭






પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

### ભારતે ૬ રનથી મેચ જીતીને સિરીઝ ૨-૨થી ડ્રો કરી

# પાંચમી ટેસ્ટમાં ભારે રસાકસી બાદ આખરે ભારતનો વિજય

**ઓવલ મેદાન પર રમાયેલી આ મેચમાં ભારતે ઈંગ્લિશ ટીમને જીતવા માટે ૩૭૪ રનનો ટાર્ગેટ આપ્યો હતો : ઇંગ્લેન્ડ આ ટાર્ગેટ ચેઝ કરી શક્યું નહોતું**

ઓવલ, તા.૪

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટ શ્રેણીની છેલ્લી મેચમાં ભારે રસાકસી જોવા મળી. ટીમ ઈન્ડિયાએ ફરી એકવાર વિજયના ઉંબરે ઉભેલી ઈંગ્લેન્ડની ટીમને વિજયની ભીખ માંગવા મજબૂર કરી. ઓવલ ટેસ્ટમાં ભારતે ૬ રનથી મેચ જીતીને સિરીઝ ૨-૨થી ડ્રો કરી છે. વરસાદ-તોફાન ટીમ ઈન્ડિયા માટે વરદાન સાબિત થયું. ૫મા દિવસે ટીમ ઈન્ડિયાના બોલરો તાજગીભર્યા દેખાવ સાથે બહાર આવ્યા અને ઈંગ્લેન્ડના જડબામાંથી વિજય છીનવી લીધો.

૨૦ જૂનથી શરૂ થયેલી એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની અંતિમ ટેસ્ટમાં ભારતની શાનદાર જીત થઈ છે. લંડનના ઓવલ મેદાન પર રમાયેલી આ મેચમાં જોરદાર રસાકસી જોવા મળી હતી. છેલ્લા દિવસે ભારતને જીતવા માટે ચાર વિકેટની જરૂર હતી, જ્યારે ઇંગ્લેન્ડને ૩૫ રનની જરૂર હતી. ભારત જીતતા આ શ્રેણી ૨-૨થી બરાબર થઈ છે.

આ મેચમાં ભારતે ઈંગ્લિશ ટીમને જીતવા માટે ૩૭૪ રનનો ટાર્ગેટ આપ્યો હતો. ભારતીય ટીમે તેની પહેલી ઈનિંગમાં ૨૨૪ રન બનાવ્યા હતા, જ્યારે ઈંગ્લેન્ડ પહેલી ઈનિંગમાં ૨૪૭ રન બનાવ્યા હતા. એટલે કે, યજમાન ઈંગ્લેન્ડને પહેલી ઈનિંગના આધારે ૨૩ રનની થોડી લીડ મળી હતી. આ પછી, ભારતીય ટીમે તેની બીજી ઈનિંગમાં ૩૯૬ રન બનાવ્યા હતા.

જવાબમાં ઈંગ્લેન્ડની ટીમે તેની ધમાકેદાર બેટિંગથી મેચ પોતાની મુઠ્ઠીમાં કરી લીધી હતી. ચોથા દિવસે હેરી બ્રુક અને જો રૂટે ભારતીય બોલરો માટે મુશ્કેલી ઉભી કરી હતી. બંને બેટ્સમેનોએ સદી ફટકારી અને ઈંગ્લેન્ડના કેમ્પમાં ઉજવણી લગભગ શરૂ થઈ ગઈ હતી. પરંતુ ભાગ્યમાં કંઈક બીજું જ હતું.

પાંચમી ટેસ્ટ મેચમાં કુલ ત્રણ સદી નોંધાઈ હતી, જેમાં ભારતીય બેટર યશસ્વી જયસ્વાલે ૧૧૮ રન, ઈંગ્લેન્ડના બેટર જો રૂટે ૧૦૫ રન અને હેરી બ્રૂકે ૧૧૧ રન નોંધાવ્યા હતા. જ્યારે ભારત તરફથી કરૂણ નાયરે ૫૭ રન, આકાશ દીપે ૬૬ રન, રવિન્દ્ર જાડેજાએ ૫૩ રન અને વોશિંગ્ટન સુંદરે ૫૩ રન નોંધાવ્યા હતા. જ્યારે ઈંગ્લેન્ડ તરફથી ફિફટી ફટકારનારા બેટરોમાં ઝેક ક્રોલીએ ૬૪ રન, હેરી બ્રુકે ૫૩ રન, બેન ડુકેટે ૫૪ રન નોંધાવ્યા હતા. મેચના છેલ્લા દિવસે ભારતીય બોલર પ્રસિદ્ધ ક્રિષ્ના અને મોહમ્મદ સિરાજની મહેનતના કારણે ભારતે ઈંગ્લેન્ડને પરાજય આપ્યો છે. ભારત તરફથી ઈંગ્લેન્ડ સામેની બીજી ઈનિંગમાં ક્રિષ્નાએ ૪ વિકેટ અને સિરાજે ૫ વિકેટ ઝડપી છે. આ સાથે બંને દેશોએ પાંચ ટેસ્ટ મેચની સીરિઝમાં બે-બે મેચ જીતીને શ્રેણી સરભર કરી લીધી છે. ભારતે પ્રથમ ઈનિંગમાં ૨૨૪ રન અને બીજી ઈનિંગમાં ૩૯૬ રન નોંધાવ્યા હતા, જ્યારે ઈંગ્લેન્ડે પ્રથમ ઈનિંગમાં ૨૪૭ રન અને બીજી ઈનિંગમાં ૩૬૭ રન નોંધાવ્યા હતા.

### રજિસ્ટર્ડ પોસ્ટ સેવાની સુવિધા વર્ષ ૧૮૫૪થી શરુ કરાઈ હતી

# રજિસ્ટર્ડ પોસ્ટની સેવા બંધ કરવામાં આવશે: પોસ્ટ વિભાગ

**પોસ્ટ વિભાગના વર્ષ ૨૦૧૧-૧૨ના સત્તાવાર આંકડા મુજબ, પ્રતિ વર્ષ રજિસ્ટર્ડ પોસ્ટની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે**

નવી દિલ્હી, તા.૪

૧લી સપ્ટેમ્બરથી રજિસ્ટર્ડ પોસ્ટ સેવાને હવે સ્પીડ પોસ્ટમાં મર્જ કરવામાં આવશે. એટલે કે હવે ગ્રાહકોને પાર્સલ મોકલવા માટે ફક્ત સ્પીડ પોસ્ટની સુવિધા જ મળશે તેવી જાહેરાત ભારતીય પોસ્ટ વિભાગે કરી છે. પોસ્ટ વિભાગે જણાવ્યું છે કે આ નિર્ણય પછી પોસ્ટ સર્વિસ ઝડપી અને આધુનિક બનશે.રજિસ્ટર્ડ પોસ્ટ સેવાની સુવિધા વર્ષ ૧૮૫૪થી શરુ કરાઈ હતી. તેના દ્વારા ગ્રાહકો જરુરી ડોક્યુમેન્ટની સાથે કિંમતી સામાન મોકલી શકતા હતા. જોકે, હવે ૧લી સપ્ટેમ્બરથી રજિસ્ટર્ડ પોસ્ટલેબલ મળશે નહીં. રજિસ્ટર્ડ પોસ્ટ સર્વિસમાં પ્રુફ ઓફ ડિલીવરી અને રિસીવરની સહીની જરૂરિયાત રહેતી હતી, જે હવે સ્પીડ પોસ્ટમાં મળશે. પોસ્ટ વિભાગના વર્ષ ૨૦૧૧-૧૨ના સત્તાવાર આંકડા મુજબ, પ્રતિ વર્ષ રજિસ્ટર્ડ પોસ્ટની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૧-૧૨માં રજિસ્ટર્ડ પોસ્ટથી મોકલાતી ચીજવસ્તુ(આર્ટિકલ) ૨૪ કરોડથી ઘટીને ૨૦૧૯-૨૦માં ૧૮ કરોડ થઈ ગઈ. ૨૫ ટકાનો ઘટાડો ચોખ્ખો દેખાયો છે. સ્પીડ પોસ્ટ સેવાના દર આ પ્રમાણે રહેશે, જેમાં ૫૦ ગ્રામના પાર્સલ માટે ૨૦૦ કિ.મીના અંતરથી ઉપર રૂ. ૩૫, ૨૦૦ ગ્રામના પાર્સલ માટે ૨૦૦થી ૧૦૦૦ કિમી માટે રૂ. ૪૦, ૧૦૦૦થી ૨૦૦૦ કિમી સુધી માટે રૂ. ૬૦ અને ૨૦૦૦ કિમીથી ઉપર માટે રૂ.૭૦ ચાર્જ લાગશે. ૨૦૧-૫૦૦ ગ્રામના પાર્સલ માટે ૨૦૦ કિમીના અંતર સુધી રૂ. ૫૦, ૧૦૦૦ કિમી સુધી રૂ. ૬૦, ૨૦૦૦ કિમી સુધી રૂ. ૮૦ અને ૨૦૦૦ કિમીથી ઉપર માટે રૂ. ૯૦ ચાર્જ લાગશે. પ્રતિ ૫૦૦ ગ્રામ વધવા પર ૨૦૦ કિમી સુધી રૂ.૧૫, ૧૦૦૦ કિમી સુધી રૂ.૩૦, ૨૦૦૦ કિમી સુધી રૂ.૪૦ અને ૨૦૦૦ કિમીથી ઉપર માટે રૂ.૫૦ પોસ્ટ વિભાગ લેશે.

### સુપ્રીમ કોર્ટે લગાવી ફટકાર, રાહુલ ગાંધીને પુછ્યું

# આપને કેવી રીતે ખબર પડી ચીને ભારતની જમીન પર કર્યો કબ્જો?

**જ્યારે સરહદ પર તણાવની સ્થિતિ હોય છે, ત્યારે કોઈ સાચો ભારતીય આવી વાત નહીં કહે : સુપ્રીમ કોર્ટ**

નવી દિલ્હી, તા.૪

સુપ્રીમ કોર્ટે લખનૌ કોર્ટમાં સેના વિશે વાંધાજનક ટિપ્પણી કેસમાં રાહુલ ગાંધી વિરુદ્ધ ચાલી રહેલી કાર્યવાહી પર સ્ટે મુકી દીધો છે. સોમવારે (૪ ઓગસ્ટ, ૨૦૨૫) કોર્ટે કેસ રદ કરવાની માંગ પર ફરિયાદી અને યુપી સરકારને નોટિસ મોકલી હતી. વર્ષ ૨૦૨૨માં ભારત જોડો યાત્રા દરમિયાન રાહુલે એક વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. જેમાં કહ્યું હતું કે, ચીની સૈનિકો ભારતીય સૈનિકોને માર મારી રહ્યા છે. આ અંગે લખનૌની એમપી ધારાસભ્ય કોર્ટમાં માનહાનિનો કેસ દાખલ કરવામાં આવ્યો છે.

સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે એક રસપ્રદ ટિપ્પણી કરતા કહ્યું કે, તમે વિપક્ષના નેતા છો. તમે સંસદમાં પ્રશ્નો ઉઠાવવાને બદલે સોશિયલ મીડિયા પર કેમ બોલ્યા? તમને કેવી રીતે ખબર પડી કે ચીને ૨૦૦૦ કિમી જમીન પર કબજો કરી લીધો છે. જ્યારે સરહદ પર તણાવની સ્થિતિ હોય છે, ત્યારે કોઈ સાચો ભારતીય આવી વાત નહીં કહે.

જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચ કેસની સુનાવણી કરી રહી હતી. કોર્ટે કહ્યું કે જો તેમણે પ્રશ્નો ઉઠાવવા જ હતા, તો તેમણે સંસદમાં ચર્ચા કરવી જોઈતી હતી કે સોશિયલ મીડિયા પર લખવાની શું જરૂર હતી. કોર્ટે રાહુલ ગાંધીને કહ્યું કે જો તેમને વાણી સ્વાતંત્ર્યનો અધિકાર છે, તો તેનો અર્થ એ નથી કે તેઓ કંઈ પણ કહેશો. કોર્ટે રાહુલ ગાંધીને એમ પણ પૂછ્યું કે શું તેમણે કરેલી ટિપ્પણીઓ કોઈ વિશ્વસનીય માહિતી પર આધારિત છે.

અલ્હાબાદ હાઈકોર્ટે ૨૯ મેના રોજ રાહુલ ગાંધીની અરજી ફગાવી દીધી હતી. રાહુલ ગાંધીએ સમન્સના આદેશ અને ફરિયાદને પડકારતા કહ્યું હતું કે તે દ્વેષથી પ્રેરિત છે. ફરિયાદી ઉદય શંકર શ્રીવાસ્તવે અહીંની એક કોર્ટમાં દાખલ કરેલી પોતાની અરજીમાં આરોપ લગાવ્યો હતો કે ડિસેમ્બર ૨૦૨૨ ની ભારત જોડો યાત્રા દરમિયાન ગાંધીએ ચીન સાથે સરહદી ગતિરોધના સંદર્ભમાં ભારતીય સેના વિશે ઘણી અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી.

### ગુજરાતના વાર્ષિક બજેટથી પણ બમણી

# દેશમાં છેલ્લા પાંચ વર્ષમાં ઝડપાઈ રૂ. ૭ લાખ કરોડની GST ચોરી

**૨૦૨૪-૨૫માં જીએસટી ચોરીના નોંધાયેલા કુલ ૩૦૦૫૬ કેસમાંથી ૧૫૨૮૩ કેસ આઈટીસી ફ્રોડના હતા**

નવી દિલ્હી, તા.૪

દેશના કર માળખામાં પારદર્શિતા તેમજ કરચોરી અટકાવવા લાગુ કરવામાં આવેલી વન નેશન વન ટેક્સ સિસ્ટમ જીએસટીમાં જ ચોરીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસિઝ ટેક્સ (જીએસટી)ના ફિલ્ડ અધિકારીઓએ દેશમાં છેલ્લા પાંચ વર્ષમાં રૂ. ૭.૦૮ લાખ કરોડની જીએસટી ચોરી શોધી કાઢી છે. જેમાં રૂ. ૧.૭૯ લાખ કરોડની ઈનપુટ ટેક્સ ક્રેડિટ ફ્રોડ પણ સામેલ હોવાનું આજે લોકસભામાં જણાવવામાં આવ્યું હતું.

નાણાં રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ લોકસભામાં આંકડાઓ રજૂ કરતાં કહ્યું કે, ૨૦૨૪-૨૫માં રૂ. ૨.૨૩ લાખ કરોડની જીએસટી ચોરી શોધી કાઢવામાં આવી છે. છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં દેશમાં કુલ રૂ. ૭.૦૮ લાખ કરોડની જીએસટી ચોરી થઈ હતી. જે ગુજરાત સરકાર દ્વારા ફાળવવામાં આવેલા તેના વાર્ષિક બજેટ કરતાં બમણી છે. નોંધનીય છે, ગુજરાત સરકારે ૨૦૨૪-૨૫માં રૂ. ૩.૩૨ લાખ કરોડ અને ૨૦૨૫-૨૬ માટે રૂ. ૩.૭૦ લાખ કરોડનું બજેટ ફાળવ્યું હતું. ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં જીએસટી ચોરીના નોંધાયેલા કુલ ૩૦૦૫૬ કેસમાંથી ૧૫૨૮૩ કેસ આઈટીસી (ઈનપુટ ટેક્સ ક્રેડિટ) ફ્રોડના હતાં. જેમાં રૂ. ૫૮૭૭૨ કરોડની આઈટીસી ચોરી થઈ હતી. ૨૦૨૩-૨૪માં પણ સીજીએસટીના ફિલ્ડ અધિકારીઓએ રૂ. ૨.૩૦ લાખ કરોડની જીએસટી ચોરી પકડી પાડી હતી. જેમાં રૂ. ૩૬૩૭૪ કરોડનું આઈટીસી ફ્રોડ સામેલ હતું.જીએસટીના અમલી કરણને કુલ આઠ વર્ષ થયા છે. કર નીતિઓને સરળ બનાવવા તેમજ પારદર્શિતા વધારવા ૨૦૧૭માં લાગુ જીએસટીમાં ફ્રોડનું પ્રમાણ પણ સમય જતાં વધી રહ્યું છે. છેલ્લા ત્રણ વર્ષની તુલના કરીએ તો જીએસટી કલેક્શનની સાથે સાથે જીએસટી ચોરીનો આંકડો પણ ૧ લાખ કરોડની સપાટી વટાવી ગયો છે. સાથે સાથે ફેક ઈનપુટ ટેક્સ ક્રેડિટનું પ્રમાણ પણ વધ્યું છે.

ચૌધરીએ જીએસટી ચોરી વિશે આંકડાઓ રજૂ કરતાં અંતે કહ્યું હતં કે, કેન્દ્ર સરકાર અને જીએસટીએન આ ટેક્સ ચોરીને અટકાવવા માટે વિવિધ પગલાં લઈ રહી છે. જેના માટે ઈ-ઈનવોઈસિંગ, જીએસટી એનાલિટિક્સ મારફત ડિજિટાઈઝેશન પર ભાર મૂકવામાં આવ્યો છે. સિસ્ટમ-ફ્લેગ મિસમેચના આધાર પર આઉટલેયરને ઉજાગર કરવુ, સ્ક્રૂટિની માટે રિટર્નની પસંદગી અને કાર્યવાહી વિશે જાણકારી આપવી, તેમજ જોખમના વિવિધ માપદંડો પર ઓડિટના આધારે કરદાતાઓની પસંદગી કરવી વગેરે સામેલ છે. આ પગલાંઓ જીએસટી ચોરી કરનારાઓ પર અંકુશ લાદી પકડી પાડે છે.

### ટેકઓફના થોડી જ મિનિટમાં એન્જીન થયું ફેલ

# પાયલટનો Mayday-Mayday-Mayday કોલ

**મ્યૂનિખ માટે ઉડાન ભરેલી એક ઈન્ટરનેશનલ ફ્લાઈટે ઉપર ચડતાની થોડી મિનિટોમાં ટેક્નિકલ ફોલ્ટ સામે આવ્યા**

વોશિંગ્ટન, તા.૪

અમેરિકાના નવોશિંગટન ડલેસ ઈન્ટરનેશનલ એરપોર્ટથી મ્યૂનિખ માટે ઉડાન ભરેલી એક ઈન્ટરનેશનલ ફ્લાઈટે ઉપર ચડતાની થોડી મિનિટોમાં ટેક્નિકલ ફોલ્ટ સામે આવ્યો, જેમાં થોડા સમય માટે દરેક શ્વાસ અધ્ધર થઈ ગયા, યૂનાઈટેડ એયરલાઈન્સની ફ્લાઈટ UA108, જેમાં ૨૧૯ મુસાફરો અને ૧૧ ક્રુ મેમ્બર બેઠા હતા, હવામાં પહોચતાની સાથે એન્જીન ફેલ થવાની ઘટના સામે આવી હતી. આ ઘટના ગયા અઠવાડિયે ૨૫ જુલાઈના રોજ સાંજે લગભગ ૬ વાગ્યે થઈ હતી, જ્યારે ૧૦૦૦૦ ફુટની ઉચાઈ પર ઉડી રહેલા બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનરના જમણા એન્જીને અચાનક કામ કરવાનું બંધ કરી દીધુ, સ્થિતિને જોતા પાયલટે તરત Mayday કોલ આપ્યો હતો અને ઈમરજન્સીની જાહેર કરી હતી. જો કોઈ પણ વિમાનની સૌથી વધારે જોખમની ચેતવણી હોય છે.

Mayday સિગ્નલ મળતા જ એયર ટ્રાફિક કંટ્રોલને ફ્લાઈટને ડલેસ એરપોર્ટ પર પરત ફરવાની પરમિશન આપી, રાત્રે લગભગ ૮:૩૩ મિનિટે ફ્લાઈટને સફળતા પૂર્વક લેન્ડ કરવામાં આવી હતી. પાઈલટનો તરત રિસ્પોન્સ અને સંયમના કારણે મોટો ખતરો ટળી ગયો હતો.

એરપોર્ટની ફાયર અને રેસ્ક્યૂ ટીમએ તરત વિમાનનું ચેકિંગ કરી અને તેને ગેટ સુધી સુરક્ષીત રીતે ખેચીને લાવવામાં આવ્યું. કોઈ પણ મુસાફર કે ક્રુ મેન્બરને કોઈ વાગ્યું નથી, જેના કારણે ફ્લાઈટમાં સવાર તમામ મુસાફરોએ રાહતનો શ્વાસ લીધો હતો.

યૂનાઈટેડ એયરલાઈનએ તરત ફ્લાઈટએ કેન્સલ કરી અને મુસાફરોને નવા પ્લેનમાં મોકલવામાં આવ્યા, જ્યારે એરપોર્ટ ઓથોરીટીએ કહ્યું કે આ ઘટનાથી બીજી કોઈ ફ્લાઈટ રોકવામાં કે મોડી પડી નથી.

### ગાઝામાં વધુ ૨૩ના મોત નિપજ્યા

# ભોજનની રાહ જોતી ભીડ પર અંધાધૂંધ ગોળીબાર

**ભોજન વિતરણ કેન્દ્ર પર ભોજન લેવા આવેલા પેલેસ્ટાઇનના લોકો પર ઇઝરાયલના સૈનિકો દ્વારા અંધાધૂંધ ગોળીબાર**

ગાઝા, તા.૪

ગાઝા પટ્ટીમાં રવિવારે ભોજનની શોધમાં નીકળેલા એક જૂથના લોકોને ઈઝરાયલના સૈનિકોએ ગોળીથી વિંધી નાખ્યા હતા. ભોજન વિતરણ કેન્દ્ર પર ભોજન લેવા આવેલા પેલેસ્ટાઈનના લોકો પર ઈઝરાયલના સૈનિકોએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. જેમાં ૨૩ લોકોના મોત થયા હતા. હૉસ્પિટલના અધિકારીઓ અને પ્રત્યક્ષદર્શીઓએ આ અંગે માહિતી આપી હતી.

ભોજન લેવા આવેલા પ્રત્યક્ષદર્શી યુસુફ આબેદે જણાવ્યું કે, અમે ભોજન લેવા આ ભોજન વિતરણ કેન્દ્ર પર આવ્યા હતા. જ્યાં અચાનક અંધાધૂંધ ગોળીબાર થવા લાગ્યો હતો. અમે આમ-તેમ દોડવા લાગ્યા, અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. જમીન પર થોડી જ ક્ષણોમાં ચારે બાજુ લાશોના ઢગલાં જોવા મળ્યા હતા. મૃતદેહોની આસપાસ લોહીના ખાબોચિયા થયા હતા. ભીષણ ગોળીબારના કારણે કોઈ મદદે આવી શક્યું નહીં.

દક્ષિણ ગાઝાની નાસેર હૉસ્પિટલના વહીવટીતંત્રે જણાવ્યું કે, અનેક ભોજન વિતરણ કેન્દ્રો પર ઈઝરાયલની સેના દ્વારા હુમલા થયા હતા. તૈના વિસ્તારમાંથી આઠ જણ મૃત્યુ પામ્યા. શાકૂશમાં એકને ગોળી વાગતાં મોત થયું હતું. જ્યારે મોરાગ કોરિડોરમાં અંધાધૂંધ ગોળીબારના કારણે નવ લોકોના મોત થયા. આ સિવાય ઈઝરાયલની સરહદમાં થઈને ગાઝા આવી રહેલા ટ્રકની રાહ જોઈ રહેલા લોકો પર પણ હુમલો થતાં અંદાજે ૨૩ લોકોના મોત થયા હતા. સેન્ટ્રલ ગાઝામાં આવેલી હોસ્પિટલના વહીવટી તંત્રે પણ જણાવ્યું હતું કે, રવિવારે (૩ ઓગસ્ટ) ઈઝરાયલની સેનાએ જીએચએફના ચોથા અને ઉત્તરીય ભોજન વિત્તરણ કેન્દ્ર પર ભીડ પર ખુલ્લેઆમ ફાયરિંગ કર્યું હતું. સૈનિકો આ પ્રકારનું કૃત્ય કરી લોકોને ધમકાવી રહ્યા છે કે, કાં તો ભાગી જાવ અથવા તો ગોળી ખાવ. જેમાં અમુક લોકોને ઠાર પણ કરી રહ્યા છે. નેત્ઝરિમ કોરિડોર નજીક જીએચએફ કેન્દ્ર પર પાંચ લોકોને ઠાર કર્યા હતાં. જ્યારે ૨૭ ઘાયલ થયા હતાં.

યુએનના રિપોર્ટ અનુસાર, ૨૭ મેથી ૩૧ જુલાઈ દરમિયાન જીએચએફ (ભોજન વિતરણ કેન્દ્રો)માં ઈઝરાયલી સેનાના ગોળીબારમાં કુલ ૮૫૯ લોકો મોતને ભેટ્યા છે. હજારો લોકો ઘાયલ થયા છે. ઈઝરાયલ હમાસને ઘૂંટણિયે લાવવા ભોજન વિત્તરણ કેન્દ્રોને ટાર્ગેટ બનાવી રહ્યું છે. યુએન સહિત વિવિધ દેશો સીઝફાયર કરવા અપીલ કરી રહ્યા છે. પરંતુ ઈઝરાયલ અને હમાસે આ મુદ્દે હજી સુધી કોઈ નિર્ણય લીધો નથી.

### ૧૦ જિલ્લાના ૩૭ ડીલર્સને નોટિસ

# ગુજરાતમાં ખાતરમાં ચાલતી ગોલમાલ વચ્ચે લેવાયું એક્શન

**ગુજરાતમાં વગર લાયસન્સે ખાતરનું વેચાણ, જ્યા જરૂર નહોતી ત્યાં ખાતરનો અસામાન્ય જથ્થો વેચાયો હોવાનું ખૂલ્યું**

ગાંધીનગર, તા.૪

ખાતરમાં ચાલતા ગોટાળા અંગે સૌથી મોટા સમાચાર સામે આવ્યા. ૧૦ જેટલા જિલ્લાના ૩૭ ડીલરોને ખાતરના વેચાણ અંગે નોટિસ ફટકારવામાં આવી છે. રાજ્યના ૧૦ જેટલા જિલ્લામાં માર્ચ-એપ્રિલ ૨૦૨૫માં ખાતરનો અસામાન્ય જથ્થો વેચાયો હોવાનું સામે આવ્યું. વર્ષ ૨૦૨૪ની સરખામણીએ ૪૦ થી ૬૫ ટકા વધુ જથ્થો વેચાયો. જ્યારે કે, માર્ચ-એપ્રિલમાં ખાતરની જરૂર ખેડૂતોને નહીવત હોય છે.

ગુજરાતાં ખાતરમાં ચાલતી ગોલમાલ મુદ્દે મહત્વના સમાચાર સામે આવ્યા છે. ૧૦ જિલ્લાના ૩૭ ડીલર્સને નોટિસ ફટકારવામાં આવી છે. તપાસમાં જણાવાયું કે, મંજૂરી વિના જ બે જગ્યાએ યુરિયાનું વેચાણ થતુ હતું. જામનગરના ગુજરાત ફર્ટિલાઈઝર્સ ડીલર્સ એસોસિએશને મંજૂરી ન હોવા છતાં યુરિયાનું વેચાણ કરાયું. ભાવનગરના ગુજરાત ઓનિયન ગ્રોવર્સ ફેડરેશન પાસે પણ યુરિયાના વેચાણનું લાયસન્સ નથી. બંનેએ વગર લાયસન્સે યુરિયાનું માર્ચ અને એપ્રિલમાં વેચાણ કરતા શંકા ઉપજી હતી.

ક્યાં જિલ્લામાં અસામાન્ય જથ્થો વેચાયો? : ભાવનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, સાબરકાંઠા, મોરબી, નવસારી, છોટાઉદેપુર, બોટાદ, મહીસાગર, અરવલ્લી.

રસપ્રદ બાબત એ છે કે, ગુજરાતના કૃષિમંત્રી રાઘવજી પટેલના જિલ્લામાં જ મંજૂરી વગર યુરિયા ખારતનું વેચાણ થયું હોવાનુ સામે આવ્યું છે. ખાતર અંગેની ફરિયાદ-રજૂઆત માટે ખેતી નિયામકની કચેરી દ્વારા રાજ્ય કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ કંટ્રોલ રૂમ કાર્યરત કરાયા છે. રાજ્ય કક્ષાના કંટ્રોલ રૂમ માટે ૦૭૯-૨૩૨૫૬૦૮૦ હેલ્પલાઈન નંબર જાહેર કરાયો. જેથી ખેડૂતો હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરીને ખાતર વિતરણ સંદર્ભે રજૂઆત કરી શકશે.

રાજ્યમાં ખાતર ઉપલબ્ધિ તેમજ વિતરણ સંદર્ભે સરળતા રહે અને ખેડૂત સંબંધી રજૂઆત તથા મુશ્કેલી ધ્યાને આવે તે અને તેના ત્વરિત નિરાકરણ માટે ખેતી નિયામકની કચેરી દ્વારા વિશેષ પહેલ કરવામાં આવી છે. ખેતી નિયામક કચેરીની દ્વારા રાજ્ય કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યા છે. જેમાં રાજ્ય કક્ષાએ ફરિયાદ માટે રાજ્ય કક્ષાના કંટ્રોલ રૂમ દ્વારા ૦૭૯-૨૩૨૫૬૦૮૦ હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો છે.

### રજનીકાંતે તેમના મિત્રનો આ રીતે આભાર માન્યો

# ૫૦ વર્ષ અગાઉ મિત્રએ કરેલી એ મદદ જે આજે પણ ભૂલાવી નથી શક્યા સુપરસ્ટાર રજનીકાંત

**જ્યારે રજનીકાંત બસ કંડક્ટર તરીકે કામ કરતા હતા, ત્યારે રાજ બહાદુર નામનો તેમનો એક મિત્ર હતો**

મુંબઈ, તા.૪

ભારતીય સિનેમાના મેગાસ્ટાર રજનીકાંત જે મુકામ પર પહોંચ્યા છે, એ લેવલ પર બહુ ઓછા સ્ટાર્સ પહોંચી શક્યા છે. દક્ષિણ ભારતના આ સુપરસ્ટારે બોલિવૂડમાં સારી એવી નામના મેળવી છે. તેમના ચાહકો મોટી સંખ્યામાં છે. એટલું જ નહીં સાઉથમાં તો અભિનેતાને તેમના ચાહકો ભગવાન તરીકે પૂજે છે. આજે ૭૪ વર્ષની ઉંમરમાં તેમનો ક્રેજ ઓછો નથી થયો. આ ઉંમરમાં પણ રજનીકાંત લીડ એક્ટર તરીકે ફિલ્મોમાં કામ કરે છે. રજનીકાંત ફિલ્મોમાં આવ્યા પહેલા થિયેટર આર્ટિસ્ટ હતા, અને તે દિવસોમાં બસ કંડક્ટર તરીકે કામ કરતા હતા. જોકે, જ્યારે એક્ટિંગ કરિયરમાં આગળ વધવા ઈચ્છતા હતા પરંતુ આર્થિક તંગીનો સામનો કરી રહ્યા હતા. ત્યારે તેમની મદદ એક મિત્રએ કરી હતી. મિત્રની મદદ દ્વારા તેમની 'મદ્રાસ ફિલ્મ ઈન્ટીટ્યૂટ' માં એડમિશન થઈ શક્યું હતું અને અહીથી ભારતીય સિનેમાને એક મેગાસ્ટાર મળવાની શરુઆત થઈ ગઈ હતી. જ્યારે રજનીકાંત બસ કંડક્ટર તરીકે કામ કરતા હતા, ત્યારે રાજ બહાદુર નામનો તેમનો એક મિત્ર હતો. તેઓ જાણતા હતા કે રજનીકાંતને એક્ટિંગમાં રસ છે. જોકે, અભિનેતા પાસે મદ્રાસ ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ મેળવવા માટે એટલા પૈસા નહોતા. પછી રાજ બહાદુરે તેમને મદદ કરી અને તેમને પ્રોત્સાહન આપ્યું. રજનીકાંત આજ સુધી તેમના મિત્ર રાજ બહાદુરનો તે ઉપકાર ભૂલી શક્યા નથી. અભિનેતા હંમેશા આ ઉપકાર યાદ રાખે છે. વર્ષ ૨૦૨૧ માં 'રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ' માં જ્યારે રાજ બહાદુરને પ્રતિષ્ઠિત 'દાદા સાહેબ ફાળકે પુરસ્કાર' થી સન્માનિત કરવામાં આવ્યા ત્યારે અભિનેતાએ રાજ બહાદુરનો પણ ઉલ્લેખ કર્યો હતો. ત્યારબાદ અભિનેતાએ રાજ બહાદુરનો આભાર માન્યો હતો.મદ્રાસ ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ મેળવ્યા પછી રજનીકાંતની અભિનય ક્ષેત્રે વર્ષ ૧૯૭૫ માં રિલીઝ થયેલી ફિલ્મ 'અપૂર્વ રાગંગલ' થી શરૂઆત કરી હતી. એ પછી, તેમણે દક્ષિણથી લઈને બોલિવૂડ સુધી ઘણી શાનદાર ફિલ્મો આપી. હવે અભિનેતા ફિલ્મ 'કુલીઃ ધ પાવરહાઉસ' માં મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મ ૧૪ ઓગસ્ટે રિલીઝ થવા જઈ રહી છે. જે ઋત્વિક રોશનની ફિલ્મ 'વોર ૨' સાથે ટકરાશે.

### મધ્યપ્રદેશમાં ચોમાસું કાળ સાબિત થયો

# મધ્યપ્રદેશમાં અત્યાર સુધી ૨૫૨ લોકોના મોત થયા

**વરસાદી વાતાવરણમાં ૪૩૨ પશુઓ પણ મૃત્યુ પામ્યા છે : અત્યાર સુધીમાં ૩૬૦૦થી વધુ લોકોને બચાવાયા**

ભોપાલ, તા.૪

મધ્ય પ્રદેશમાં છેલ્લા લગભગ ૪૦ દિવસમાં રાજ્યના જુદા જુદા ભાગોમાં થયેલા ભારે વરસાદના ભયાનક આંકડા સામે આવ્યા છે. રાજ્ય સરકારે જણાવ્યું છે કે આ ચોમાસાની સિઝનમાં અત્યાર સુધીમાં ૨૫૨ લોકોનાં મોત થયા છે, જ્યારે વરસાદી વાતાવરણમાં ૪૩૨ પશુઓ પણ મૃત્યુ પામ્યા છે. આ ઉપરાંત, અત્યાર સુધીમાં ૩૬૦૦થી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી મોહન યાદવે તાજેતરમાં રાજ્યમાં થયેલા ભારે વરસાદ અને પૂરની પરિસ્થિતિ તથા રાહત-બચાવ કાર્યો અંગે જિલ્લા કલેક્ટર સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા બેઠક યોજી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રીને જણાવવામાં આવ્યું કે, વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં અત્યાર સુધીમાં ૩૬૨૮ નાગરિકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. હાલમાં, ૫૩ રાહત શિબિરો ચલાવવામાં આવી રહી છે, જેમાં ૩૦૬૫ અસરગ્રસ્ત લોકોને રાખવામાં આવ્યા છે. તેમને ભોજન, પાણી, દવાઓ અને કપડાં જેવી તમામ જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. બેઠકમાં મુખ્યમંત્રી મોહન યાદવે અધિકારીઓને સૂચના આપી કે, ભારે વરસાદ કે પૂરથી અસરગ્રસ્ત લોકોને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન થવી જોઈએ. સર્વે જલદી પૂરો કરીને પીડિતોને તેમના નુકસાનનું યોગ્ય વળતર આપવામાં આવે. બેઠક પછી, મુખ્યમંત્રી ડૉ.

યાદવે જણાવ્યું કે ભારે વરસાદવાળા જિલ્લાઓના કલેક્ટરો દ્વારા અત્યાર સુધીમાં ૨૮.૪૯ કરોડ રૂપિયાની રાહત રકમનું વિતરણ કરવામાં આવ્યું છે. સરકારે રાહત કાર્ય માટે લગભગ ૩૬૦૦ કરોડ રૂપિયાની વ્યવસ્થા કરી છે. મુખ્યમંત્રી મોહન યાદવે એમ પણ જણાવ્યું કે, ભારે વરસાદને ધ્યાનમાં રાખીને દ્ઢઈહ્નની ટીમોને ભોપાલ, ગ્વાલિયર, જબલપુર અને ધારમાં તૈનાત કરવામાં આવી છે, જ્યારે જીદ્ઢઈહ્નની ટીમોને રાજ્યભરમાં સંવેદનશીલ વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી છે. રાજ્ય સરકારના જણાવ્યા મુજબ, ચોમાસાની સિઝનમાં અત્યાર સુધીમાં કુલ ૨૫૨ લોકોનાં મોત થયા છે. જેમાં ભારે વરસાદથી ૪૭, નદી-નાળામાં ડૂબી જવાથી ૧૩૨, વીજળી પડવાથી ૬૦ અને દીવાલ/મકાન/ઝાડ પડવાથી ૧૩ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ ઉપરાંત, ૪૩૨ પશુઓ અને ૧૨૦૦ મરઘીઓ પણ મૃત્યુ પામ્યા છે. બચાવ અને રાહત ટીમ દ્વારા કુલ ૪૩૨ રેસ્ક્યુ ઑપરેશન હાથ ધરવામાં આવ્યા છે, જેમાં ૩૬૨૮ નાગરિકો અને ૯૪ પશુઓને જીવતા બચાવવામાં આવ્યા છે. વરસાદના કારણે ૧૨૮ મકાનો સંપૂર્ણપણે અને ૨૩૩૩ મકાનોને આંશિક નુકસાન થયું છે. મધ્યપ્રદેશ સરકારના આંકડા મુજબ, અત્યાર સુધીમાં રાજ્યમાં ૭૧૧.૩ MM વરસાદ નોંધાયો છે, જે સામાન્ય કરતાં ૫૯% વધુ છે. રાજ્યના કુલ ૪૦ જિલ્લાઓમાં સામાન્ય કરતાં વધુ વરસાદ પડ્યો છે. આ અતિવૃષ્ટિને કારણે લગભગ ૨૫૪ ગ્રામીણ રસ્તાઓને નુકસાન થયું છે.

# અમરેલી : માંઘીબા મહિલા કોલેજ ખાતે 'નારી વંદના ઉત્સવ'ની ઉજવણી કરવામાં આવી




ઓગસ્ટ મહિનાનું પ્રથમ પખવાડીયું 'નારી વંદના ઉત્સવ' તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલી ખાતે તારીખ ૧/૮/૨૦૨ના રોજ મહિલા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરી પખવાડિયાની શુભ શરૂઆત કરવામાં આવી. આ કાર્યક્રમમાં મહિલા પોલીસ સ્ટેશનમાંથી કાઉન્સિલર રાધિકાબેન જોષી અને G.R.D. પરમાર વિલાસબેન ઉપસ્થિત રહ્યા. તેમજ કોલેજના પ્રિન્સિપાલ પ્રો.ડો.જી.વી. વેલિયત, કોલેજના સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીની બહેનોની ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ પ્રો.ડો.જી.વી. વેલીયતે કાર્યક્રમની ભૂમિકા બાંધી ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ મહિલા પોલીસ સ્ટેશનમાંથી ઉપસ્થિત રહેલા કાઉન્સિલર રાધિકાબેન જોષીએ મહિલાઓ કેવા કેવા પ્રકારની હિંસાનો ભોગ બનતી હોય છે, તેની પ્રાથમિક માહિતી આપી. ત્યારબાદ મહિલાઓ માટે ગુજરાત સરકાર દ્વારા ૧૮૧ નંબરની એક હેલ્પલાઈન સેવા શરૂ કરવામાં આવી છે. જે હેલ્પલાઈન સેવાનો ઉપયોગ કરી મહિલા હિંસામાંથી મુકત થઈ શકે છે. આ હેલ્પલાઈન નંબરનો ઉપયોગ કઈ રીતે કરવો તેની પણ સમજ આપવામાં આવી હતી. સાથો સાથ મહિલાઓ માટે ૧૮૧ નંબર ૨૪/૭ કલાક કાર્યરત હોય છે તે જણાવવામાં આવ્યું હતું. અને પછી ૧૮૧ મહિલા હેલ્પલાઈન નંબરના પેમ્પલેટનું વિદ્યાર્થીનીઓમાં વિતરણ કરવામાં આવ્યું. કાર્યક્રમને અંતે આભાર દર્શન ડો. એમ.જે. પટોળિયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર સ્ટાફ મિત્રો તથા એન.સી.સી. અને એન.એસ.એસ. વિભાગના વિદ્યાર્થીનીઓની સક્રિય ભૂમિકા રહી હતી. આજના આ કાર્યક્રમ બદલ અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમખુ, મંત્રી તથા કેમ્પસ નિયામક તેમજ કેમ્પસ ડાયરેકટરે અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

પાના ૧ ઉપરનું ચાલું
## ખોડલધામ ટ્રસ્ટ–કાગવડને

અર્પણ કરી છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ–કાગવડ દ્વારા ચાલતી સામાજિક, શૈક્ષણિક, આરોગ્ય અને ધાર્મિક પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈને બાવકુભાઈ ઉંઘાડે સમાજ વિકાસની પ્રવૃત્તિઓ વધુ વિસ્તરે તે હેતુ સાથે અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના નાની કુંડળ ગામે આવેલી પોતાના હિસ્સાની ૬૧ વીઘા જમીન શ્રી ખોડલધામ ટ્રસ્ટ–કાગવડને દાનમાં આપી છે.

ગત તારીખ ૨ ઓગસ્ટને શનિવારના રોજ રાજકોટ શહેરમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ–કાગવડ દ્વારા નવરાત્રિના આયોજનને લઈને એક અગત્યની મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટિંગમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ–કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલે બાવકુભાઈ ઉંઘાડના આ નિર્ણયની જાહેરાત કરી હતી. આ સમયે બાવકુભાઈ ઉંઘાડે જણાવ્યું હતું કે, સમાજ પ્રત્યે મારી નિષ્ઠા અને ફરજ સમજીને આ જમીનનું દાન શ્રી ખોડલધામ ટ્રસ્ટ–કાગવડને અર્પણ કરી રહ્યો છું. મારી જમીન હું વાપરૂં કે સમાજ વાપરે શું ફેર પડે. આજે હું જે કાંઈ છું તેમાં સમાજનો મોટો ફાળો છે એટલે સમાજને કંઈક આપવું એ મારી ફરજ છે.

આમ બાવકુભાઈ ઉંઘાડે સમાજ અને શ્રી ખોડલધામ ટ્રસ્ટ–કાગવડ પ્રત્યે પોતાની ઉદાર ભાવના વ્યકત કરી. બાવકુભાઈ ઉંઘાડના આ સમાજહિતના નિર્ણય બદલ નરેશભાઈ પટેલ સહિતના ટ્રસ્ટીઓએ તેઓને ખોડલધામનો ખેસ પહેરાવીને સન્માનિત કર્યા હતા અને સમાજ પ્રત્યેની આ ઉદાર ભાવના બદલ તેઓને બિરદાવ્યા હતા.

મહત્વનું છે કે, રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના કાગવડ ગામ પાસે સુપ્રસિદ્ધ શ્રી ખોડલધામ મંદિર સર્વ સમાજની આસ્થાનું કેન્દ્ર બની ગયું છે. તાજેતરમાં રાજકોટ નજીક અમરેલી ગામ પાસે શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયૂટનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. ત્યારે દેશ–વિદેશથી દાનની સરવાણી ફુટી રહી છે તેવા સમયે બાવકુભાઈ ઉંઘાડે આપેલું દાન શ્રી ખોડલધામ ટ્રસ્ટ–કાગવડ માટે ખુબ જ મહત્વપૂર્ણ સાબિત થશે.

## વડિયા: શ્રાવણ માસ દરમિયાન શિવાલયો હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠયા


તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૪

શ્રાવણ માસના બિજા સોમવારે બિલેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરવા લોકો ઉમટી પડયા હતા. આજે બિજા સોમવાર વિશેષ શણગાર દાદા ને કરવામાં આવ્યો હતો. વડિયા સુરવો નદીના કિનારે આવેલી શ્રી બિલેશ્વર મહાદેવ મંદિર ખાતે આજે શ્રાવણ માસના સોમવાર નિમિતે શિવલીંગ ઉપર અદભુત શણગાર કરવામાં આવ્યો હતો. શિવ ભકતો ધ્વારા આજે અહીં બિરાજમાન પોરાણીક બિલેશ્વર મહાદેવ મંદિર ખાતે શિવલીંગ પર દુધ બિલીપત્ર સાથે અભિષેક કરવામાં આવ્યો હતો. શ્રાવણ માસ દરમિયાન અહીં મહિલાઓ અને ભકતો ધ્વારા જળાભિષેક સાથે ધુન ભજન કીર્તન કરવામાં આવી રહ્યું છે. ત્યારે અહીના મહંત વિભુતીનાથ બાપુ ધ્વારા સેવા પુજા કરવામાં આવી રહી છે.

પાના ૮ ઉપરનું ચાલું
## સાવરકુંડલા : ખેડૂતોનાં વિવિધ પ્રશ્નોનાં

લઈને નારાજગી ઉભી થઈ હોય અને નારાજગીને વાચા આપવા માટે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે તૈયારી કરી છે.

તેઓએ જણાવેલ છે કે, ૬ ઓગષ્ટનાં બુધવારે બપોરે ૨:૩૦ કલાકે પ્રાંતઅધિકારીને આવેદનપત્ર પાઠવવાનું હોયતમામ ખેડૂતોઅને કોંગી કાર્યકરોઅને આગેવાનોને જોડાવવા અનુરોધ કરવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## નિયમો કડક બનતા મેળા બંધ

આ વર્ષે આ મેળા નહીં યોજાતાં આ ઉજવણી થશે કે કેમ તે અંગે અમરેલીમાં ચર્ચાનો વિષય બની ગયો છે. માહિતી અનુસાર, આજ દિન સુધી મેળાની મંજૂરી માટે એક પણ ફોર્મ ભરાયું નથી અને હવે આયોજન કરવા માટે સમય ન હોવાથી આ વર્ષે અમરેલીમાં એકપણ લોકમેળો થાય તેવી શકયતા નથી.

દર વર્ષે સાતમ–આઠમના તહેવાર નિમિતે અમરેલીના વિવિધ વિસ્તારોમાં મેળા, મોજશોખ અને મનોરંજનની વિવિધ પ્રવૃત્તિઓ યોજાતી હોય છે. પરંતુ આ વર્ષે વહીવટીતંત્ર દ્વારા જરૂરિયાત મુજબનું નિયમન અને મંજૂરી પ્રક્રિયા અનિવાર્ય કરવામાં આવી છે.

પ્રાંત અધિકારી કચેરીએ જણાવ્યું છે કે હજુ સુધી કોઈ વ્યકિત કે સંગઠને મેળો યોજવા મંજૂરી માટે અરજી કરી નથી. જાહેર સુરક્ષા, ટ્રાફિક નિયંત્રણ અને અન્ય વ્યવસ્થાઓ માટે મેળાની પૂર્વ મંજૂરી અનિવાર્ય છે. રાજકોટમાં બનેલી ઘટના બાદ લોકમેળામાં નિયમો કડક બનાવવામાં આવ્યા છે. આ વચ્ચે પણ અગાઉ અમરેલીમાં યોજાતા મેળાઓમાં કલેકટર દ્વારા જે શરતી મંજૂરી આપવામાં આવતી હોય છે. તેમાં સ્પષ્ટ રીતે દરેક રાઈડર્સના ભાવ બાંધવામાં આવેલા હોય છે અને રાઈડ્સના સંચાલકો દ્વારા તેનાથી વધારે ભાવ લઈ શકાતા નથી. તેમ છતાં પણ બહારના વિસ્તારમાંથી આવતા રાઈડ્સના સંચાલકો દ્વારા બેફામ રીતે ભાવમાં લૂંટ કરવામાં આવતી હોવાની વ્યાપક પ્રમાણમાં ફરિયાદો ઉઠી હતી. આ અંગેના નિયમોની કડક અમલવારી થાય તે માટે કલેકટર સમક્ષ રજૂઆતો પણ કરવામાં આવી હતી.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીમાં નવા બનેલ માર્ગમાં

તિરાડોનો વિડીયો બનાવતાં માર્ગ–મકાન વિભાગે સીસી માર્ગમાં બનેલ તિરાડને ડામરનો લેપ મારીને ઢાંકવાનો પ્રયાસ કરતાં ચકચાર મચી છે.

અમરેલીનાં ચિતલ માર્ગ અને લાઠી માર્ગ જનતાનાં પરસેવાનાં કરોડો રૂપિયાનાં ખર્ચથી બની રહ્યો છે જેમાં સુરક્ષાનાં તમામ નિયમોનો ઉલાળીયો તો થઈ રહ્યો છે સાથોસાથ કઈ એજન્સી માર્ગનું નિર્માણ કરે છે, કેટલા રૂપિયાનો ખર્ચ થવાનો છે, કામ કયારે શરૂ થયું, કયારે પૂર્ણ થશે, કોઈ ફરિયાદ નંબર દર્શાવતું સાઈનબોર્ડ નિયમ હોવા છતાં પણ લગાવાતું નથી.

તાજેતરમાં ચિતલ માર્ગ ઉપર આડેધડ માર્ગ બનતા અનેક મકાનોનાં પાણીનાં અને ગટરનાં કનેકશનને નુકસાન થયાની પણ ફરિયાદ ઉભી થઈ હતી છતાં પણ માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓને કોઈ જવાબદારી કે ચિંતા થતી નથી.

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સંકુલ – લેઉવા પટેલ ટ્રસ્ટ – મહિલા યુનિવર્સિટી આયોજન અને મંજુરી પ્રક્રિયા શરૂ
* સમય સાથે તાલ મીલાવવા અને સમયની માંગને પહોંચી વળવા
* તેમજ સ્પર્ધાત્મક વાતાવરણમાં ટકી રહેવા અને પ્રગતિ સાધવા
* સંકુલમાં મહિલા યુનિવર્સિટી સ્થાપવાનું આયોજન અને મંજૂરી પ્રક્રિયા ચાલુ છે.
* પ્રથમ તબક્કે આર્ટસ – કોમર્સ – સાયંસ મહિલા કોલેજ સમાવિષ્ટ થશે.
* મહિલા યુનિવર્સિટી સ્થાપવામાં સૌના સહકાર ની અપેક્ષા છે.

## અવસાન નોંધ



**બાબરા :** પીઢ પત્રકાર બ્રહ્મક્ષત્રિય ઉમંગરાય હરિદાસ છાટબારના પુત્ર રાજેશભાઈ (ઉવ ૪૩)તેઓ મહેશભાઈ તથા ચીતરંજનભાઈ પત્રકાર તથા નયનાબેન રસિકચંદ્ર સોનેજી અમદાવાદ, હીનાબેન જગદીશભાઈ જાજવ મેંદરડા, હેતલબેન જયેશભાઈ જોગી બગસરાના નાના ભાઈ તથા સ્વ. દીપકભાઈ નટવરલાલ શનિશ્વરા રાજકોટના જમાઈ, યશ્વીબેન, યુવરાજભાઈના પિતા પ્રિયંક, અંકિત, મિત જીતના કાકા નું તા. ૪/૮/૨૦૨૫ ના રોજ અવસાન થયું છે તેમનું ઉઠમણું તા. ૭/૮/૨૦૨૫ ગુરૂવાર સાંજે ૪ થી ૬ બ્રહ્મક્ષત્રિય સમાજ વાડી નદી કાઠે બાબરા ખાતે રાખેલ છે.

## એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

અપીલ અરજી નં. ૧૪૩/૨૦૨૫

**અરજદાર :** શ્રી જેરામભાઈ લક્ષ્મણભાઈ પટોલીયા
સરનામું : રહે. જેસીંગપરા શેરી નં.૩, શિવમ સ્ટુડિયો, દિનેશભાઈના મકાનમાં, તા.જિ.અમરેલી.

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – તલાટી–કમ–મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.સોનારીયા, તા./ જિ.અમરેલી.

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સોનારીયા ગામમાં અરજદારશ્રી **જેરામભાઈ લક્ષ્મણભાઈ પટોલીયા** તેઓના પુત્ર **સંજયકુમાર જેરામભાઈ પટોલીયા**નો **જન્મ (તા.૧૬/૦૫/૧૯૮૨)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૪–૦૮–૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૪૦ | ૧૦૩૮ |
| ૨ | શિંગ મોટી | ૮૦૦ | ૧૦૫૫ |
| ૩ | શિંગદાણા | ૧૨૦૦ | ૧૪૭૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૧૧૫ | ૧૪૩૨ |
| ૫ | તલ સફેદ | ૮૦૦ | ૨૧૪૫ |
| ૬ | તલ કાળા | ૨૪૫૦ | ૪૧૪૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૦૯૦ | ૨૨૫૦ |
| ૮ | બાજરો | ૩૨૨ | ૩૯૦ |
| ૯ | જુવાર | ૫૭૧ | ૫૭૧ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૭૨ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૧૯ | ૫૭૯ |
| ૧૨ | મકાઈ | ૩૦૫ | ૩૦૫ |
| ૧૩ | મગ | ૧૧૦૦ | ૧૪૧૫ |
| ૧૪ | અડદ | ૧૩૫૬ | ૧૩૫૬ |
| ૧૫ | ચણા | ૧૦૬૦ | ૧૨૧૬ |
| ૧૬ | છોલે ચણા | ૧૬૬૨ | ૧૬૬૨ |
| ૧૭ | ચોળી | ૧૪૯૫ | ૧૪૯૫ |
| ૧૮ | તુવેર | ૮૦૦ | ૧૨૦૨ |
| ૧૯ | કપાસ | ૭૯૯ | ૧૬૯૬ |
| ૨૦ | એરંડા | ૧૧૦૦ | ૧૨૮૦ |
| ૨૧ | જીરૂ | ૧૭૧૬ | ૩૪૬૫ |
| ૨૨ | રાય | ૧૨૨૦ | ૧૨૯૫ |
| ૨૩ | ઈસબગુલ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૨૪ | ગમ ગુવાર | ૮૨૪ | ૮૨૪ |
| ૨૫ | ધાણી | ૧૦૧૦ | ૧૪૩૦ |
| ૨૬ | અજમા | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ૨૭ | સોયાબીન | ૪૫૦ | ૮૭૯ |
| ૨૮ | કાંગ | ૪૦૫ | ૪૦૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૨ | ૧૦૯૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૨ | ૧૧૪૧ |
| ૩ | શીંગ દાણા | ૧૦૩૭ | ૧૪૨૩ |
| ૪ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૨૦ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૩૯૦૧ |
| ૬ | જીરૂ | ૩૦૦૦ | ૩૬૦૦ |
| ૭ | કપાસ | ૧૨૦૦ | ૧૬૭૫ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૨૫ |
| ૧૦ | બાજરો | ૩૨૬ | ૫૨૧ |
| ૧૧ | જુવાર | ૩૫૨ | ૭૦૦ |
| ૧૨ | મગ | ૧૨૦૦ | ૧૫૦૨ |
| ૧૩ | ચણા | ૧૧૦૦ | ૧૧૮૫ |
| ૧૪ | તુવેર | ૧૧૮૦ | ૧૨૭૬ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૫૦ | ૧૬૬૨ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૧૦ | ૧૫૨૦ |
| ૩ | મગફળી | ૯૯૦ | ૧૧૦૦ |
| ૪ | જીરૂ | ૨૮૪૦ | ૩૫૯૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૭૦ | ૧૬૫૦ |
| ૬ | અડદ | ૧૦૨૫ | ૧૧૮૫ |
| ૭ | ઘઉં | ૪૭૮ | ૫૧૨ |
| ૮ | ચણા | ૧૦૦૫ | ૧૧૭૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૩૦૧ | ૫૩૧ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૯૭ | ૪૯૮ |
| ૩ | ચણા | ૯૦૦ | ૧૧૮૦ |
| ૪ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૯૦૦ |
| ૫ | સોયાબીન | ૮૦૦ | ૮૪૫ |
| ૬ | અડદ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૭ | શીંગદાણા | ૧૩૨૦ | ૧૫૫૦ |
| ૮ | શીંગફાડા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૯ | તલ કાળા | ૨૪૦૦ | ૩૬૦૦ |
| ૧૦ | તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૧ | મગ | ૧૧૦૫ | ૧૩૭૦ |
| ૧૨ | મેથી | ૮૪૦ | ૮૪૦ |
| ૧૩ | જુવાર | ૭૩૦ | ૭૩૦ |
| ૧૪ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૧૫ | મગફળી | ૮૩૦ | ૮૭૦ |
| ૧૬ | ધાણા | ૧૨૬૦ | ૧૪૦૦ |
| ૧૭ | ચણા સફેદ | ૧૦૦૦ | ૧૦૯૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૩૬ | ૧૦૩૬ |
| ૨ | તલ સફેદ | ૧૫૦૧ | ૧૯૦૦ |
| ૩ | તલ કાળા | ૩૯૦૧ | ૩૯૦૧ |
| ૪ | કપાસ | ૧૩૭૧ | ૧૩૭૧ |
| ૫ | બાજરો | ૩૫૦ | ૬૦૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૨ |
| ૭ | જુવાર | ૫૩૦ | ૯૦૪ |
| ૮ | મકાઈ | ૫૩૨ | ૫૩૨ |
| ૯ | તુવેર | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૧૦ | ચણા | ૭૫૦ | ૧૧૬૯ |
| ૧૧ | મેથી | ૯૫૦ | ૧૦૦૦ |
| ૧૨ | સોયાબીન | ૭૫૩ | ૮૦૧ |
| ૧૩ | શીંગદાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |

# અમરેલીનાં તપોવન આશ્રમ ખાતે ગરબાની રમઝટ અને વડીલ ગોષ્ઠિ યોજાઈ



દીકરીનો પ્રેમ વૃધ્ધાવસ્થામા મળે ત્યારે આત્મીયતાની અનુભુતી ઘેઘુર વડલો બને છે પરંતુ દીકરી દૂર હોય તો...? અમરેલીની સેવાભાવી મહિલા સંસ્થા તેજસ્વિની હ્યુમન ફાઉન્ડેશન દ્વારા સારહી તપોવન આશ્રમ સંચાલિત સારહી તપોવન આશ્રમના તપસ્વિઓ સાથે પુત્રીભાવ સાથે આત્મીય ગોષ્ઠિનું આયોજન કરવામા આવેલ જેમા તપસ્વિઓ સાથે તપેશ્વર મહાદેવ મંદિરના પરિસરમા ગરબે ઘુમવાનો લ્હાવો મેળવીને પરિવાર ભાવના પ્રગટ કરી હતી સાથોસાથ અમરેલી આર્યુવેદીક હોસ્પિટલ કીટ વિતરણ અને સમુહ ભોજનનું સુંદર આયોજન કરવામા આવેલ. આ કાર્યક્રમમાં સુરેશભાઈ શેખવા, પરેશભાઈ કાનપરીયા, કંચનબેન દેવમુરારી, જાનકીબેન ગોંડલીયા, દેવયાનીબેન કાનપરીયા, આશાબેન દવે સહિતની તેજસ્વિની હ્યુમન ફાઉન્ડેશનની બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. આ તકે સરકારી આયુર્વેદ હોસ્પિટલ તરફથી ફ્રી નિદાન કેમ્પનુ આયોજન સાથે વૃધ્ધજનોને આવશ્યક આયુર્વેદીક દવાઓ સાથેની કીટ વિતરણ કરવામા આવેલ જેમા હોસ્પિટલના ડો. જાદવ ટીમ સાથે ઉપસ્થિત રહીને કાર્યક્રમમા સેવા આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, તેજસ્વિની હ્યુમન ફાઉન્ડેશન અનેકવિધ સામાજીક પ્રવૃતિઓ સાથે અમરેલી શહેરમા સાત્વિક મનોરંજન કાર્યક્રમોનું આયોજન થકી પારિવારીક ભાવનાઓ બળવતર બનાવવા અનેક રચનાત્મક પ્રવૃતિઓ કરી રહી છે જે નોંધનિય છે તેમ યાદીના અંતમા જણાવેલ છે.

## પ્રધાનમંત્રી સૂર્યઘર યોજનાથી હજારો નાગરિકોનું વીજ બિલ થયુ ‘શૂન્ય’

# અમરેલી જિલ્લાનાં ૨૦,૬૧૭ ઘરોમાં સૂર્ય અજવાસ પથરાયો !

**સૌર ઉર્જા સંગ્રહના વેચાણથી એક વર્ષમાં રૂા. ૩.૩૩ કરોડની કમાણી પણ ખરી**

**સોલાર પેનલથી પ્રતિ દિન ૨.૫૩ લાખ યુનિટ વીજ ઉત્પાદન**

**પરંપરાગત વીજળીના સ્ત્રોતોની તુલનામાં પર્યાવરણને વધુ અનુકુળ છે સૌર ઊર્જા સંગ્રહની આ રીત**

**પ્રધાનમંત્રીની વીજ બિલ ‘ઝીરો’ કરવાની નેમને સાર્થક કરવા અમરેલી જિલ્લો અગ્રેસર**



આલેખન : રોહિત બી. ઉસદડ
તસવીર સૌજન્યઃ રાજેન જોષી, લીલીયા

અમરેલી, તા.૪

અમરેલીના જાળિયા ગામના ધીરૂભાઈ પાથરનાં ઘરની છત એ હવે માત્ર છત નથી રહી! પરંતુ પર્યાવરણ રક્ષક અને કમાણીનું એક સાધન પણ બની છે. એટલું જ નહિ તેમનું વીજબિલ પણ ‘ઝીરો’ થયું છે !! આ ચમત્કાર સર્જાયો છે પ્રધાનમંત્રી સૂર્યઘર યોજનાથી!

આ વાત માત્ર અમરેલી જિલ્લાના એક પરિવારની નથી. પરંતુ આજે તો તેવા સેંકડો ઘર છે. તેમનું વીજ બિલ ‘શૂન્ય’ થવાની સાથે નાની એવી આવક પણ મેળવી રહ્યાં છે અને પર્યાવરણ રક્ષામાં સહભાગી પણ થઈ રહ્યા છે.

પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી યોજના અને એક સમયની સોલાર રૂફટોપ યોજનાના માધ્યમથી અમરેલી જિલ્લાના ૨૦,૬૧૭ ઘરોમા સૂર્યપ્રકાશનો અજવાસ પથરાયો છે. એટલે કે, નાગરિકો પોતાના ઘરની છત ઉપર સોલાર પેનલ સ્થાપિત કરીને વીજ ઉત્પાદન કરી રહ્યા છે. આ સાથે ઘર વપરાશમાં વધ્યા બાદની વીજળીનું વેચાણ પણ કરી રહ્યા છે.

પ્રધાનમંત્રીએ એમ પણ કહ્યુ છે કે, હર ઘર સૂર્યઘર બને સાથે જ પરિવારને એક કમાણીનું સાધન પણ મળી રહે છે. તેમની આ નેમને સાર્થક કરવા અમરેલી જિલ્લો અગ્રેસર બન્યો છે. ભારત સરકાર અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની અપીલને નાગરિકોએ વધાવી લીધી હોય તેમ નાગરિકો સૌર ઉર્જા સંગ્રહ દ્વારા વીજળી આપવાની સાથે વીજ બિલ ‘ઝીરો’ કરવાનું લક્ષ્ય સાકાર થઈ રહ્યું છે.

જિલ્લામાં નાગરિકોના ઘરની છત ઉપર સૌર ઉર્જા દ્વારા આશરે ૬૩,૨૯૯ કિલોવોટ એટલે કે, પ્રતિદિન ૨,૫૩,૧૯૬ યુનિટ વીજ ઉત્પાદન થઈ રહ્યું છે. સોલાર પેનલથી વીજ ઉત્પાદન કરી રહેલા મોટાભાગના પરિવારનું વીજબિલ ‘ઝીરો’ તો થયું છે. આ સાથે નાગરિકોએ વર્ષ ૨૦૨૩-૨૪માં રૂા. ૩.૩૩ કરોડની વીજળીનું વેચાણ કરી કમાણી પણ મેળવી છે.

અમરેલી પીજીવીસીએલના નાયબ ઈજનેર સી.એન. સરવૈયા કહે છે કે, ભારત સરકારની આ બહુહેતુક યોજના સૌર ઉર્જાને પ્રોત્સાહિત કરે છે અને વિદ્યુત ઉર્જા પરના આશ્રયને ઘટાડે છે. પર્યાવરણની દ્રષ્ટિએ પણ આ યોજના ઘણી લાભદાયક અને પરંપરાગત વીજળીના સ્ત્રોતોની તુલનામાં પર્યાવરણને વધુ અનુકૂળ છે.

તેમણે કહ્યુ કે, ભારત સરકાર ખેડૂતો અને આર્થિક રીતે સામાન્ય સ્થિતિ ધરાવતા હોય તેવા નાગરિકોને સોલાર પેનલ માટે ખૂબ મોટી સહાય આપે છે, ઘર વપરાશ માટેનું વીજ જોડાણ ધરાવતા ગ્રાહકોને રૂ. ૩૦,૦૦૦ થી રૂા. ૭૮,૦૦૦ સુધીની સહાય મળવા પાત્ર છે.

સામાન્યતઃ એક પરિવારને આશરે ૩૦૦ યુનિટ જેટલો વીજ વપરાશ રહેતો હોય છે. આ માટે ૩ કિલો વોટની સિસ્ટમ આવશ્યકતા રહે છે. જે લગાવવામાં આવે તો મોટેભાગે વીજ બિલ ‘ઝીરો’ થઈ જતું હોય છે. અમરેલી જિલ્લામાં પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી યોજના હેઠળ રૂા. ૬૨.૨૧ કરોડની સહાય પણ ચૂકવવામાં આવી છે.

નાયબ ઈજનેર સરવૈયાએ ઉમેર્યુ કે, ભારત સરકારે સૌરઉર્જાને પ્રોત્સાહન આપવા માટે મોડેલ સોલાર ગામ માટેની પણ યોજના શરૂ કરી છે. જે ગામમાં સૌર ઉર્જાની મહત્તમ ક્ષમતા સ્થાપન કરવામાં આવશે, તે ગામને મોડેલ સોલાર વિલેજ તરીકે જાહેર કરવામાં આવશે અને આ ગામને રૂા. ૧ કરોડની મતબર રકમથી પુરસ્કૃત કરવામાં આવશે. આ મોડેલ સોલાર ગામની સ્પર્ધામાં ૫ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામો તેમાં ભાગ લઈ શકે છે.

પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી યોજના પર્યાવરણ માટે તો બહેતર ખરી પણ નાગરિકોના ખિસ્સા પર પણ ભારે પડતી નથી એટલે કે, એક વખત સોલાર પેનલ લગાવ્યા બાદ વીજબિલ ભરવું પડતું નથી, ઊલટાની કમાણી થઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે, દેશભરમાં સોલાર વિલેજ તરીકે જાણીતું દુધાળા ગામ પણ અમરેલી જિલ્લામાં આવેલું છે, આ ગામમાં મોટાભાગના તમામ ઘરોમાં સોલાર પેનલ મારફત વીજ ઉત્પાદન થઈ રહ્યું છે. આમ, સૂર્યના પ્રકાશે ઘેર ઘેર અજવાળા થયા છે.

---

**મુસાફરોનાં હિતમાં ધારાસભ્ય કસવાલાનુ કાર્ય**

## ભૈ વાહ : સાવરકુંડલા-રાજકોટ રૂટ ઉપર નવી એસ.ટી. બસનું લોકાર્પણ કરવામાં આવ્યુ

**પાલિકા પ્રમુખ મેહુલ ત્રિવેદી સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા**



સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના પ્રયાસોથી સાવરકુંડલા રાજુલા રાજકોટ રૂટમાં નવી બસને લીલીઝંડી આપી લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

જેમાં સાવરકુંડલા તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરીયા, સાવરકુંડલા શહેર ભાજપ પ્રમુખ અનિરૂધ્ધ સિંહ રાઠોડ, સાવરકુંડલા તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, નગરપાલિકાના ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, અમરેલી જિલ્લા ઉપાધ્યક્ષ શરદભાઈ પંડયા, ભાજપ પૂર્વ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, સાવરકુંડલા તાલુકાના સરપંચ એશોસીએશન પ્રમુખ હિતેશભાઈ ખાતરાણી, સાવરકુંડલા તાલુકા ભાજપ ઉપપ્રમુખ ભુપેન્દ્રભાઈ એનખુમાણ, ડેપો મેનેજર નથવાણી તેમજ એસટી નિગમનો સ્ટાફ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

---

**વિદ્યાર્થીઓ, મહિલાઓ માટે ૧૮૧ નંબર લાભકારી**

## અમરેલી : વિદ્યાર્થીનીઓની છેડતી કરતા યુવકને ૧૮૧ ટીમે કાયદો શીખવાડયો

**મહિલા કર્મીઓએ પોલીસને હવાલે કરી દીધો**

અમરેલી, તા. ૪

૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઇન દ્વારા કરવામાં આવતી ઝડપી કાર્યવાહી અને સ્ત્રીઓની સુરક્ષામાં આપવામાં આવતી મહત્વપૂર્ણ ભૂમિકા ફરી એકવાર સામે આવી છે. ધોરણ ૭માં અભ્યાસ કરતી એક નાની વિદ્યાર્થિનીએ હેલ્પલાઇન પર ફોન કરીને જાણ કરી હતી, કે સ્કૂલે જતી વખતે તેને અને તેની સાથી વિદ્યાર્થીનીઓને એક અજાણ્યો યુવક વારંવાર હેરાન કરે છે. યુવક તેના કપડા ઉતારીને અભદ્ર ઈશારા કરે છે અને શારીરિક શોષણનો પ્રયાસ પણ કરે છે.

આ ફરિયાદ મળતાની સાથે જ ૧૮૧ મહિલા હેલ્પ લાઇનની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ. ટીમની કાઉન્સેલર રીટાબેન પરમાર, વનિતાબેન (GRD) અને પાઈલોટ જગદીશભાઈએ બાળકીને સંવાદ દ્વારા સમજાવવાનો પ્રયાસ કર્યો અને તેને સલામતીની ખાતરી આપી. વધુમાં, વિદ્યાર્થીનીએ ખુલાસો કર્યો કે માત્ર તે જ નહીં, સ્કૂલે જતી અન્ય છોકરીઓને પણ આ યુવક પીછો કરી હેરાન કરે છે, તેમને પૈસાની લાલચ આપે છે અને અશ્લીલ વર્તન કરે છે.

ટીમે તરત જ ત્વરિત પગલાં લેતાં યુવકના ઘરને મુલાકાત લીધી અને સમગ્ર ઘટનાની માહિતી તેના પરિવારજનોને આપી. પરંતુ યુવકના પરિવારજનોએ તેને માનસિક રોગી હોવાનું બહાનું બતાવ્યું અને જવાબદારી ટાળવાનો પ્રયાસ કર્યો. તેમ છતાં, ૧૮૧ હેલ્પલાઈનની ટીમે સમગ્ર ઘટના ગંભીર હોવાને કારણે યુવકને સ્થાનિક પોલીસના હવાલે કર્યો.

આ પ્રકારની ઝડપી કાર્યવાહીથી નહીં માત્ર પીડિત વિદ્યાર્થીનીઓને ન્યાય મળ્યો છે, પરંતુ સમાજમાં એક સ્પષ્ટ સંદેશ પણ ગયો છે કે યુવતીઓ અને બાળકીની હેરસમેન્ટ સામે આંખ ઉંચી કરાય શકાતી નથી. ૧૮૧ મહિલા હેલ્પલાઇનના જાગૃત પ્રયત્નોથી વિદ્યાર્થીઓમાં આત્મવિસ વધ્યો છે અને પરિવારજનોમાં પણ સચેતના ફેલાઈ છે કે આવા ગુનાઓને છુપાવવાને બદલે કાયદાકીય કાર્યવાહી કરવી જોઈએ.

મહિલાઓ અને બાળકીઓ માટે અભયમ હેલ્પલાઇન નંબર ૧૮૧ હંમેશાં સક્રિય છે અને આવું કોઈ ઘટના બને ત્યારે તરત સંપર્ક કરવા અપીલ કરવામાં આવે છે.

---

**વનવિભાગ કે પશુપાલન વિભાગની રાહ જોયા વગર**

## પ્રેરણાદાયી કાર્ય : ધારીનાં મોરજર ગામે સિંહોથી ગાયોના રક્ષણ માટે ગૌ શાળાની સ્થાપના કરાઈ

**ગામની આજુબાજુમાં સિંહોની અવરજવર હોય ગૌમાતાને સુરક્ષિત કરાઈ**



અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લાનું ધારી તાલુકામાં આવેલું મોરજર ગામ આજે એક નવી અને પ્રેરણાદાયક પહેલ માટે ખુબ જ ચર્ચામાં છે. અહીં મોરજર ગામ આજુબાજુના વિસ્તારમાં સિંહોનો કાયમી વસવાટ રહે છે. ત્યારે ગામના લોકોએ સ્વયંભુ રાત્રિના સમયે ગામમાં ભટકતી ગાયોનું સિંહોથી રક્ષણ કરવા માટે એક અનોખું પગલું ભર્યું છે. ગામના રસ્તા પર ગૌશાળાનું નિર્માણ કરીને જીવદયાનું ઉત્તમ ઉદાહરણ સ્થાપિત કર્યું છે.

આ મોરજર ગામની આજુબાજુના વિસ્તારમાં જંગલ અને ગીર વિસ્તારના નજીક હોવાના કારણે વારંવાર અહીં સિંહોની અવર જવર જોવા મળે છે. ખાસ કરીને રાત્રિના સમયે ખેતરો કે ખુલ્લી જગ્યામાં રહેલી ગાયોના આ સિંહો શિકાર કરતા હોય છે. જેના કારણે અનેકવાર ગાયોના શિકાર થયાના બનાવ બન્યા છે.

આ સમસ્યા સામે ગાયના બચાવ માટે મોરજર ગામના સ્થાનિક લોકોએ સ્વયંભૂ આગળ આવી અને આ મુદ્દે એકતા દર્શાવી હતી. અને ગામના દાતાઓ અને ગ્રામજનોના સહયોગથી રૂપિયા ૩ લાખના ખર્ચે ગામના મુખ્ય રોડ પર એક ગૌશાળાનું નિર્માણ કરવામાં આવેલ છે. જયાં દરરોજ સાંજ પડે એટલે આશરે ૫૦ જેટલી ગાયોને ત્યાં રાખવામાં આવે છે. અને સવાર થતાં આ ગૌશાળામાં રહેલ તમામ ગાયક્ષય ત્યાંથી છોડવામાં આવે છે.

આ મોરજર ગામમાં રહેતા હસમુખભાઈ બચુભાઈ ભેસાણીયા તમામ ગાયોની સેવા કરે છે. તેમના જણાવ્યા અનુસાર ‘‘આ મોરજર ગામમાં અવારનવાર રાત્રિના સમયે સિંહો આવી અને ગાયોના શિકાર કરતબ હોય છે. ત્યારે ગ્રામજનો એક સાથે મળીને નિર્ણય કર્યો કે હવે ગાયના રક્ષણ માટે કોઈ સુરક્ષીત સ્થળ હોવું જોઈએ. અને તેથી સમસ્ત ગ્રામજનોએ આ ગૌશાળાનું નિર્માણ કર્યું હતું.’’

આ ગામની ગૌશાળામાં ઘાસચારો અને પાણીની યોગ્ય વ્યવસ્થા છે. રાત્રિના સમયે ગાયોને સુરક્ષિત રીતે અંદર રાખવામાં આવે છે. ખાસ વાત એ છે કેશ આ ગૌશાળાની દેખરેખ માટે ગામના જ દરરોજ પાંચ લોકોને જવાબદારી સોપવામાં આવેલ છે. જે રાત્રિ દરમિયાન ગાયો પર નજર રાખે છે અને તેમને કોઈ હાનિ ન પહોંચે તે માટે તૈયાર રહે છે.

મોરજર ગામના સરપંચ કે અરવિંદભાઈ ભેસાણીયા વધુમાં જણાવ્યું હતુ કે, ‘‘ત્રણ વર્ષ પહેલા આ ગામમાં રાત્રિના સમયે સિંહોએ આવવાનું શરૂ કર્યું હતું. ત્યારે ગામ લોકોએ વિચાર્યુ કે, જો આપણે ગાયો માટે કશું નહીં કરીએ તો ગાયોની તકલીફ વધશે. ત્યારે આખા ગામે ભેગા થઈને નક્કી કર્યુ કે, આપણે સૌ સાથે મળીને ગૌશાળાનું નિર્માણ કરીશું. અને આજે દરેક ખેડૂત સાંજના સમયે પોતાના ખેતરેથી ઘાસ લાવે છે અને ગાયોની સેવા કરે છે.’’

આ સેવા કાર્ય માત્ર એક ગૌશાળા પુરતી મર્યાદીત નથી, પરંતુ ગાયના રક્ષણ માટેની સામૂહિક જવાબદારી અને જીવદયાની ભાવનાનું જીવંતનું ઉમદા ઉદાહરણ છે. ગામના તમામ વર્ગના લોકો ખેડૂતથી લઈ યુવાનો અને વડીલોએ મળીને આ કાર્યમાં પોતાનું યોગદાન આપ્યું છે.

મોરજર ગામનો આ પ્રયાસ પશુ સુરક્ષા અને માનવ સંવેદનાનું શ્રેષ્ઠ મિશ્રણ છે, જે દેશના અન્ય ગામડાઓ માટે પણ એક પ્રેરણાસ્ત્રોત બની શકે છે. જયાં શહેરોમાં પશુઓ માટે સ્થળ અને સુરક્ષા બંનેનો અભાવ છે. ત્યાં મોરજર ગામે સ્વયમ્ સંચાલિત ગેશાળા ઊભી કરીને માત્ર જીવદયાનું નહીં, પણ એકતા અને જવાબદારીનું પણ ઉદાહરણ પ્રસ્થાપિત કર્યું છે.

---

**આગામી શનિવારનાં રોજ**

## કુંકાવાવ મોટી ખાતે સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા નૂતન યજ્ઞોપવિત ધારણ કરાશે

**આ અવસરે બ્રહ્મભોજન પ્રસાદ પણ યોજાશે**

કુંકાવાવ, તા. ૪

સમસ્ત બ્રહ્મસમાજ કુંકાવાવ મોટી દ્વારા શ્રવણ નક્ષત્રના દિવસે શ્રાવણી પર્વ કાર્યક્રમ તારીખ ૯/૮/ ૨૦૨૫ શનિવારને રક્ષાબંધનના રોજ રાખવામાં આવેલ છે જેમાં જ્ઞાતિજનોએ તન મન ધનથી સાથ સહકાર આપવા અને વધુને વધુ જ્ઞાતિજનો ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવે છે.

સવારે નુતન યજ્ઞ પવિત્ર બદલવાની વિધિ તેમજ હિસાબો તેમજ ભોજન પ્રસાદના યજમાનશ્રી સ્વ. વિઠ્ઠલદાસ ખીમજીભાઈ ખભોળીયા, સ્વ. કંચનબેન વિઠ્ઠલદાસ ખંભોળીયા પરીવારનું સન્માન કાયક્રમ ત્યારબાદ નિલકંઠ મહાદેવ મંદિર દર્શનાર્થે જશે ત્યાર પછી બપોરે ૧૨ કલાકે ભુરખીયા હનુમાનજી મંદિર, પ્રાથમિક શાળા પાસે રાખેલ છે, જેમાં સમસ્ત બ્રહ્મ સમાજના જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા પ્રમુખ તથા મંત્રી તરફથી ભાવભર્યુ નિમંત્રણ છે. બ્રહ્મ ભોજનના યજમાન સ્વ. વિઠ્ઠલદાસ ખીમજીભાઈ ખંભોળીયા તથા સ્વ. કંચનબેન વિઠ્ઠલદાસ ખંભોળિયા પરિવાર વતી જીતુભાઈ ખંભોળીયા તથા હિરેનભાઈ તથા દેવાંગભાઈ તરફથી ભાવભર્યુ નિમંત્રણ આપવામાં આવે છે જેમાં સમસ્ત બ્રહ્મ સમાજ જ્ઞાતિજનોએ આ શ્રાવણી પર્વ ભોજનપ્રસાદમાં પધારવા નિમંત્રણ છે.

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ અને તેમની અંતર્ગત આવતી નીચે મુજબની કંપનીના કર્મચારી અને તેમના પરિવારને કેશલેસ સારવાર ઉપલબ્ધ


GSECL GETCO DGVCL
MGVCL PGVCL UGVCL
GUVNL
GUVNL/GEB નાં કર્મચારીને કેશલેસ સારવાર આપતી અમરેલીની એકમાત્ર હોસ્પિટલ
Contant : 9978966629
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.
ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬

# અમરેલીનાં નાગનાથ મહાદેવ મંદિરથી ફતેપુર (ભોજલધામ) સુધી શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટનાં પ્રમુખ ડી.કે. રૈયાણીનાં માર્ગદર્શનતળે વિશાળ પદયાત્રા યોજાઇ



શ્રી લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંત શ્રી ભોજલરામ બાપાનાં સાંનિધ્યમાં સર્વ સમાજનાં કલ્યાણ અર્થે પદયાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં નાગનાથ મહાદેવ અમરેલી થી ભોજલધામ ફતેપુર ભોજલરામ બાપાનાં ચરણોમાં આ પદયાત્રાનું સમાપન કરવામાં આવ્યું હતું. આ પદયાત્રા તેના રૂટમાં આવતા દેવસ્થાનો અને મહાપુરૂષોની પ્રતિમાઓ જેવા કે નાગનાથ મહાદેવનાં ચરણોમાં શીશ નમાવી સર્વ સમાજનાં કલ્યાણ માટે પ્રાર્થના કરી ભોજલરામ બાપાની ડેરીએ તેમની આરતી ઉતારી તેમના આશીર્વાદ લઈને સંત શ્રી મૂળદાસ બાપાની પ્રતિમા, ડો. જીવરાજ મહેતાની પ્રતિમા, શહીદ સ્મારક, ભીડભંજન મહાદેવનાં દર્શન કરી, સંત શ્રી જલારામ બાપાનાં મંદિરે શીશ નમાવી, હીરામોતી ચોક ખાતે નાગેર મહાદેવને શીશ નમાવીને, સરદાર ચોક ખાતે બજરંગદાસ બાપાનો ઓટો, હીરામોતી ચોક ખાતે દર્શન કરીને આ યાત્રા ઠેર ઠેર સ્વાગત સ્વીકારીને સાંજે સાત વાગ્યે ભોજલધામ ફતેપુર પહોંચી હતી. શહેરમાં આ પદયાત્રાનું ઠેર ઠેર ફુલહાર અને પુષ્પ પાંદડીઓથી સ્વાગત કરવામાં આવ્યું હતું અને પદયાત્રીઓને વિવિધ સંસ્થાઓ દ્વારા ઠંડા પીણાં, શરબત, લસ્સી વિગેરે પીવડાવવામાં આવ્યા હતા. આ પદયાત્રાની પાછળ જે કચરો અને પ્લાસ્ટિક ફેલાતું તેને સમાજના યુવાનો દ્વારા એકઠું કરીને સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. આ પદયાત્રા ફતેપુર પહોંચી ત્યારે સંસ્થાના પ્રમુખ ડી.કે. રૈયાણી દ્વારા ભોજલરામ બાપાનાં મંદિરમાં ધ્વાજારોહણ અને મહાઆરતી કરવામાં આવ્યા હતા તથા ભોજલરામ મંદિરનાં મહંત ભકિતરામબાપુને હાર તથા શાલ ઓઢાડીને ડી.કે. રૈયાણી દ્વારા લેઉવા પટેલ સમાજ વતી તેનું સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ લેઉવા પટેલ સંસ્થાના ઉપપ્રમુખ રાજેશભાઈ માંગરોળીયાએ તમામ પદયાત્રીઓ અને તમામનો આભાર માન્યો હતો અને મહાપ્રસાદ લઈને સૌ છુટા પડયા હતા. આ પદયાત્રામાં નારણભાઈ કાછડીયા, અનિભાઈ સાવલિયા, ડો. કાનાબાર, ભાવેશભાઈ સોઢા, રાજુ વિઠલાણી, કાળુભાઈ ભંડેરી, કાંતિભાઈ વઘાસીયા, હિરેનભાઈ હિરપરા, મનીષભાઈ સંઘાણી, જગદીશભાઈ ભુવા, નિકુંજભાઈ સાવલિયા, મનોજભાઈ રૂપારેલ, દિનેશભાઈ ભુવા, પ્રેમજીભાઈ ડોબરીયા, રમેશભાઈ કાથરોટીયા, કાળુભાઈ સુવાગીયા, ચતુરભાઈ ખૂંટ, લેઉવા પટેલ સમાજની વિવિધ સંસ્થાઓના આગેવાનો, શૈક્ષણિક સંસ્થાઓના આગેવાનો, અમરેલી લોહાણા સમાજનાં આગેવાનો જોડાયા હતા તથા આ પદયાત્રાને સફળ બનાવવા સંજય રામાણી, રાજુ ઝાલાવાડિયા, મેહુલ બાબરીયા, ભરત કાબરીયા, ભીખુભાઈ કાબરીયા, ચેતન મોરડીયા, નિલેશભાઈ મુલાણી, જગદીશ તળાવિયા, જયસુખભાઈ સોરઠીયા, ઉમેશભાઈ ભંડેરી, રમેશભાઈ બાબરીયા, ભુપતભાઈ ઊંધાડ, નિલેશ દેસાઈ, રાજુભાઈ ટીમ્બડીયા, જતીન કોટડીયા, અલ્પેશ કોલડિયા, તુષાર મકાણી, ગોપાલભાઈ કચ્છી, ચંદુભાઈ સાવલિયા, હિતેશ બાવીશી, ધીરૂભાઈ ઠુંમ્મર, ગોપાલ સોરઠીયા, દલાભાઈ રામોલિયા, નિલેશ ધાનાણી, સુરેશભાઈ પટોળીયા, હિતેશ બોરડ, ટીચર ટિમનાં સભ્યો, ખોડલધામ ટિમ તથા હોદ્દેદારોએ જહેમત ઉઠાવી હતી. મંત્રી પ્રો. જે.ડી. સાવલિયા અને ભરતભાઈ બાવીશીની યાદી જણાવે છે.



ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
89,600/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૪/૦૮/૨૦૨૫ ના રોજ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાતની તૈયારી
## સાવરકુંડલા : ખેડૂતોનાં વિવિધ પ્રશ્નોનાં નિરાકરણ અર્થે બુધવારે આવેદનપત્ર પાઠવાશે

**ખેડૂતોને બપોરે ૨ કલાકે ઉપસ્થિત રહેવા જણાવાયું**

અમરેલી, તા.૪

સાવરકુંડલા પંથકનાં ખેડૂતોનાં ખાતરની તંગી સહિતનાં પ્રશ્નોને

અનુસંધાન પાના ૬ ઉપર




## જન્માષ્ટમીનાં તહેવારમાં અમરેલી પંથકમાં કંઈક ખૂટતુ હોય તેવું લાગશે
## અમરેલીમાં દાયકાઓથી જન્માષ્ટમીએ યોજાતા લોક મેળા નહિ યોજાય : નિયમો કડક બનતા મેળા બંધ

**કોઇ સંસ્થા કે વ્યકિતએ કડક નિયમો હોય મેળો કરવામાં આગળ ન આવી**

અમરેલી, તા. ૪

ગત વર્ષે રાજકોટમાં બનેલ અગ્નિકાંડની દુર્ઘટના બાદ લોકમેળા યોજવા માટેના રાજયસરકાર દ્વારા નિયમો કડક બનાવવામાં આવ્યા હોવાથી આ વર્ષે અમરેલીમાં એક પણ જન્માષ્ટમીના લોકમેળાના આયોજકો દ્વારા લોકમેળો યોજવા માટેનું ફોર્મ ભરવામાં આવ્યું નથી. ગયા વખતે પણ કડક નિયમો વચ્ચે કલેકટર દ્વારા દરેક રાઈડ્સના ભાવ બાંધવામાં આવેલા છતાં પણ બેફામ લૂંટ કરવામાં આવતી હોવાની ફરિયાદ ઉઠી હતી.

અમરેલી શહેરમાં શ્રાવણ માસના પાવન તહેવાર સાતમ – આઠમના દિવસે બે બે ભવ્ય મેળાઓ યોજાતાં હોય છે. તેમાં હજારોની સંખ્યામાં લોકો પરિવાર સાથે ઉમટી પડે છે. પણ

અનુસંધાન પાના ૬ ઉપર

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ ડોકટરો

તા.૦૬/૦૮/૨૦૨૫ - બુધવાર, સવારે ૧૦:૦૦ થી ૧:૦૦
ડો. સાગર લાલાણી : (પેડિયાટ્રિક ન્યુરોલોજીસ્ટ)
બાળકોના મગજના રોગો, આંચકી, ખેંચના નિષ્ણાંત

તા.૦૭/૦૮/૨૦૨૫ - ગુરૂવાર, સવારે ૧૧:૦૦ થી ૧:૦૦
ડો. સાગર ઘોડાસરા : (ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન)
મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત

તા.૦૮/૦૮/૨૦૨૫ - શુક્રવાર, સાંજે ૪ : ૩૦ થી ૫:૩૦
ડો. અલ્પેશ કિકાણી : (હિમેટોલોજીસ્ટ અને ઓન્કોલોજીસ્ટ)
લોહી તથા કેન્સર રોગના નિષ્ણાંત

તા.૦૮/૦૮/૨૦૨૫ - શુક્રવાર, સાંજે ૪ : ૩૦ થી ૬ : ૦૦
ડો. આકાશ માકડીયા : (પેડિયાટ્રિક ઓર્થો. સર્જન)
બાળકોના હાડકાને લગતા રોગોના નિષ્ણાંત

(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)

નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા




*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)